

## 'હવે તો માનાં દર્શન ક્યાંથી–થાય ?'

માનું સાન્નિધ્ય એટલે જ આનંદનો મહોત્સવ. આથી મા જ્યાં જાય ત્યાં ચારે બાજુથી લોકોનો પ્રવાહ ઊમટી પડતો. નૈમિષારણ્યમાં પણ એવું જ થયું. લોકોને ખબર પડી કે મા નૈમિષારણ્યમાં આવ્યાં છે. એટલે આસપાસનાં ગામોમાંથી અસંખ્ય લોકો માનાં દર્શને આવવા લાગ્યા.

એક તો ત્યાંનું તપોવન સમું શાંત ને અધ્યાત્મપ્રેરક વાતાવરણ અને તેમાં પાછી અધ્યાત્મને ઉત્તેજતી માની દિવ્ય હાજરી. પછી તો પૂછવાનું જ શું ! હરિરસમાં બધાં તરબોળ બનવા લાગ્યાં. નિત્ય પૂજા-પાઠ, સત્સંગના કાર્યક્રમ પણ આપોઆપ ગોઠવાઈ ગયા. મા દ્વારા નિત્ય રેલાઈ રહેલા દિવ્ય આનંદના પ્રવાહમાં સહુ પોતાની જાતને ભૂલીને મા-મય બની રહ્યા હતા. આવું અલૌકિક વાતાવરણ સર્જાયું હોવાથી સહુએ માન્યું કે આ વખતે મા અહીં જરૂર વધારે દિવસો રોકાશે. પણ અચાનક માએ પોતાનો જવાનો કાર્યક્રમ ગોઠવ્યો, એથી લોકો માને પ્રાર્થનાભરી આજીજી કરી કહેવા લાગ્યા : ''મા, અમારા માટે થોડા દિવસ રોકાઈ જાઓ.''

''ખ્યાલ આવ્યો છે, એટલે હવે તો જવું જ છે.'' માએ કહ્યું.

આ સાંભળીને બધાંને થયું કે હવે મા નહીં રોકાય. ''માના ખ્યાલ'' આગળ કોઈનું કંઈ ચાલતું નહીં. પછી એમને જતાં કોઈ રોકી શકતું નહીં. મા નૈમિષારણ્યથી વૃંદાજન જવા નીકળ્યાં.

રસ્તામાં મોટરને લખનૌ શહેરમાં લીધી. ને તે પોતાના પ્રિય શિષ્ય આશુતોષ ભટ્ટાચાર્યના ઘર આગળ ઊભી રખાવી. આશુતોષબાબુ તો માંદગીને બિછાને પડ્યા હતા. તેઓ પથારીમાંથી ઊભા પણ થઈ શકતા નહોતા. પથારીમાં પડ્યા પડ્યા તેઓ સતત રટણ કરી રહ્યા હતા કે આ વખતે મા નૈમિષારણ્યમાં છે ને હું મા પાસે જઈ શકતો નથી. ક્યારેય આવું બન્યું ન હતું. માના ઉત્સવમાં તેમની હાજરી હોય જ. શ્રી આનંદમયી સંઘના તેઓ માનદ્મંત્રી તો હતા જ; પણ એથી યે વિશેષ તેઓ માના બાળક હતા.

માનાં ચરણોમાં સમગ્ર જીવન ધરી દીધું હતું. રોગશય્યા પર સૂતાં સૂતાં પણ તેમનું મન, પ્રાણ, ચિત્ત બધું મામાં એકાકાર હતું.



નાના બાળકની જેમ તેઓ પોતાની દિવ્ય માતાને ઝંખી રહ્યા હતા.

'અરે મા, તમે આટલાં નજીક આવ્યાં છો ને હું અભાગિયો તમારા દર્શન માટે પણ આવી શકતો નથી ! જુઓને, આ શરીર તમારાં દર્શનમાં રૂકાવટ કરી રહ્યું છે !''

માને સતત પોકારી રહેલા ને માનાં દર્શન માટે વ્યાકુળ બનેલા બાળકનો આર્તનાદ નૈમિષારણ્યમાં બેઠેલાં માએ સાંભળ્યો ને એ આનંદનો મહોત્સવ છોડીને મા ચાલી નીકળ્યા.

પછી આશુતોષ ભટ્ટાચાર્યના આંગણામાં આવીને ઊભાં. ''અરે દાદામોશાય, જુઓ તો, કોણ આવ્યું છે ! મા સાક્ષાત્ આવીને આંગણામાં ઊભાં છે !'' માનું નામ સાંભળતાં જ એ મૃતપ્રાય શરીરમાં ચેતનાનો સંચાર થયો ને તેમની આંખો ચમકી ઊઠી. તેમણે કહ્યું : ''મને મા પાસે લઈ જાઓ.'' પછી તેમનો ખાટલો જ આંગણામાં લઈ જવામાં આવ્યો. માને જોતાં જ એમનાં નેત્રો છલકી ઊઠ્યાં. ''અરે મા, આ બાળકને માટે આપે આટલું બધુ કષ્ટ ઉઠાવ્યું ! નૈમિષારણ્યમાંથી તમે અહીં આવ્યાં !''

આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. તેમના રોગગ્રસ્ત દેહ પર માનો પ્રેમાળ હાથ ફરી રહ્યો. માનાં દર્શનને અમૃતમય સ્પર્શ પામી આશુબાબુ તો કૃતકૃત્ય બની ગયા ! માએ એમને એવી પ્રતીતિ કરાવી આપી કે, ''તારા અંતરમાં હું રહેલી છું. તું મને ત્યાં જો.''

એમને એ ભાવમાં સ્થિર કરી દઈને મા તો વૃંદાવન તરફ ચાલી નીકળ્યાં. માના કૃપાસ્પર્શથી જેમનાં સઘળાં ઐહિક બંધનો છૂટી ગયાં હતાં. એવા આશુબાબુએ બીજે દિવસે દેહના બંધનને પણ ત્યજીને દિવ્ય લોકમાં પ્રયાણ કર્યું. આ સમાચાર ભક્તોને મળ્યા ત્યારે જ તેમને નૈમિષારણ્યમાંથી એકાએક જવાના માના 'ખ્યાલ'નું રહસ્ય સમજાયું.

ત્યારે બધાને થયું કે, ''માની કૃપા અપાર છે ને માની લીલા અકળ છે. તેનો તાગ કોઈ કહેતાં કોઈ જ પામી શકતું નથી.''



## 'આ નહીં, પેલું આપો !'

એક વખત મા વારાણસીમાં ગંગાકિનારે ઘૂમતાં હતાં. અચાનક તેમની દૃષ્ટિ ત્યાં ફરી રહેલાં બે યુવાનો પર પડી. માએ જોયું તો બંનેએ ખિસ્સામાંથી બાકસ અને બીડીનું બંડલ કાઢ્યા ને એક એક બીડી સળગાવી. હજુ તો તેઓ એ બીડીઓ મોઢામાં મૂકવા જાય છે ત્યાં તો મા ઝડપથી તેમની પાસે પહોંચી ગયાં ને હાથ લાંબો કરી કહ્યું : "મા, તમારી પાસે ભિક્ષા માગે છે."

આ રીતે માને એકાએક પોતાની સન્મુખ જોઈને બંને યુવાનો તો સ્તબ્ધ થઈ ગયા. મા પોતાની સામે હાથ લાંબો કરીને આમ ભિક્ષા માગે એવી તો કલ્પના પણ ક્યાંથી આવે ! તેઓ તો એકદમ છોભીલા પડી ગયા. બીડી મોઢામાં મૂકવાને બદલે નીચે નાખીને પગથી ઓલવી નાખી ને બીડીનું પેકેટ અને બાકસ ઝડપથી ખિસ્સામાં મૂકી દીધાં. એક જ ક્ષણમાં આ બધું બની ગયું. પછી તેઓ પોતાના ખિસ્સાં ફંફોસવા લાગ્યાં. તેમને તેમ કરતાં જોઈને મા સ્મિત કરી રહ્યાં.

તેમનાં ખિસ્સામાંથી થોડા પૈસા નીકળ્યા, એટલે એમણે સંકોચ સાથે એ પૈસા માના હાથમાં મૂકતાં કહ્યું, "મા, અમે બહુ જ ગરીબ છીએ. અમારી પાસે આથી વધારે પૈસા નથી. કૃપા કરી આટલા સ્વીકારો."

મા હસવા લાગ્યાં ને પછી કહ્યું, "પૈસા કોણ માગે છે ? પૈસા નથી જોઈતા. મારે તો ખિસ્સામાં સાચવીને તમે હમણાં જે મૂકી દીધું અને સળગાવીને મારા આવવાથી ઓલવી નાખ્યું તે જોઈએ છે."

આ સાંભળીને બંને ચોંકી ગયા ને એકબીજાનાં મોઢાં સામું જોવા લાગ્યા. એમને તો એવો ખ્યાલ જ નહોતો કે માનું ધ્યાન એમની બીડીઓ ઉપર હતું ! માએ એમને પકડી પાડ્યા એટલું જ નહીં, હવે તેઓ એ બીડીની ભિક્ષા માગી રહ્યાં છે ! આ જોઈને બંને ખૂબ જ શરમિંદા બની ગયા. માએ ભિક્ષા માગી એટલે આપવી તો પડે જ. એટલે ખિસ્સામાંથી બંડલ કાઢીને માના હાથમાં મૂકીને ઝટપટ ત્યાંથી ભાગ્યા, કે રખેને મા પાછાં બીજું કંઈક માગી લે તો ! તેઓ દોડતા ભાગ્યા



એટલે માએ તેમને કહ્યું, "તમે ઊભા રહો. મા પાસેથી એમ ને એમ ન જવાય. મા પાસેથી મીઠાઈ લઈને જાઓ."

પણ તેઓ તો કંઈ સાંભળવા ઊભા જ ન રહ્યા ને ક્યાંય નીકળી ગયા. પરંતુ હવે મા તેમને છોડે તેમ નહોતાં. નાદાન ને કુછંદે ચઢેલાં બાળકો પર તો તેમને વિશેષ ભાવ હતો. આથી તેમણે સેવકને બોલાવીને કંદોઈની દુકાનેથી 'સંદેશ'નો ડબ્બો મંગાવ્યો ને કહ્યું : "જા, પેલા છોકરાઓને આપી આવ ને કહેજે કે મા તરફથી આ ભેટ છે."

એ સેવક દોડતો ગયો. તે યુવાનોને પકડી પાડ્યા ને ઊભા રાખી કહ્યું, "લો, માએ તમારા માટે આ ભેટ મોકલાવી છે." બંને યુવાનો હવે વધુ શરમિંદા બની ગયા. તેઓ ગળગળા થઈ ગયા. બીડી પીવા અંગે ન તો માએ ઠપકો આપ્યો કે ન છોડી દેવાનો ઉપદેશ આપ્યો. ફક્ત એની ભિક્ષા માગી ને ઉપરથી આ 'સંદેશ'નો ડબ્બો મોકલાવ્યો. આ તે કેવી મા કહેવાય ! આવું તો આપણી સગી મા પણ નથી કરતી ! ખરેખર આ સાચાં મા છે. અમારા જેવા નાદાન છોકરાઓ ઉપર આટલો બધો પ્રેમ વરસાવી રહ્યાં છે !

માનાં આ વ્યવહારે બંને યુવાનોનાં દિલ પીગળાવી દીધાં ! બંનેએ એ સેવકોની હાજરીમાં જ પ્રતિજ્ઞા લીધી કે, "જિંદગીમાં હવે અમે ક્યારેય બીડી નહીં પીએ !" વધુમાં કહેવડાવ્યું : "માને કહેજો કે, તમને અમે બીડી આપી તે આપી. હવે અમે તેને કદી હાથ પણ નહીં અડાડીએ !"

માના એ પ્રેમપૂર્ણ વ્યવહારે તો એ યુવાનોને વ્યસનમુક્ત કરી નવા જીવનમાં મૂકી દીધા !



## 'મા બોલાવે છે !'

તે સમયે સુધીર સરકાર માના દહેરાદૂનના કિસનપુર આશ્રમમાં આવ્યા હતા. સિગરેટ તેમની પ્રિયસંગિની હતી. છેલ્લાં છત્રીસ વર્ષથી ગાઢ નાતો બંધાયેલો હતો. પીધા વગર બિલકુલ ચાલતું નહીં. તે દિવસે મા બહાર ગયાં હતાં.

ભાગવતાનંદગિરિજીએ કહ્યું : ''મા શચીદાની જગ્યાએ ગયાં છે. ત્યાં જશો તો માને જરૂર મળી શકશો.''

આ સાંભળીને કહ્યું : ''રાખ, રાખ હવે, તારી માના પરિચય કરતાં સિગરેટનો પરિચય ઘણો જૂનો છે. ૩૬ વર્ષથી એ મારી સાથે છે. એમ કંઈ એ છૂટવાની નથી.''

હવે આશ્રમમાં તો પીવાય નહીં એટલે મુક્તિબાબાને લઈને આશ્રમની બહાર ગયા. સિગારેટ સળગાવી હજુ તો મોઢામાં મૂકવા જાય છે ત્યાં કોઈએ કહ્યું : ''મા બોલાવે છે.'' એટલે સિગારેટ ફેંકીને મા પાસે ગયા. મા પાસેથી આવ્યા પછી ફરીથી સિગારેટ પીવા ગયા. ત્યાં વળી કોઈ બોલાવવા આવ્યું : ''મા બોલાવે છે.'' ફરી સિગારેટ પીધા વગર ફરી મા પાસે ગયા. તે દિવસે તેમણે અગિયાર વખત સિગારેટ પીવાનો પ્રયત્ન કર્યો, પણ દરેક વખતે બરાબર એ જ સમયે એક યા બીજા કારણસર માનું તેડું આવતાં સિગારેટ પીવાનું થયું જ નહીં.

પછી આ વિશે વિચાર કરતાં એમને જણાયું કે, આવું થયું એની પાછળનો સંકેત એ છે કે, હું સિગારેટ પીઉં એ મા ઇચ્છતાં નથી.

અંતરમાં એવું થતાં એ જ ક્ષણે તેમણે સિગારેટ છોડી દીધી !

આ વિશે માએ જાણ્યું ત્યારે જણાવ્યું હતું : ''તે દિવસે તેઓ અગિયાર વખત સિગારેટ પીવા ગયા તે હું જાણતી નહોતી. પરંતુ અકસ્માત જ તે થઈ ગયું અને કારણસર જ તેમને બોલાવતી હતી.''

ત્યારથી સુધીરબાબુ ને ચારુબાબુએ સિગારેટ છોડી દીધી.

સત્સંગનું ફળ હોય છે જ ને ? માએ ત્યાં હાજર રહેલા સૌને કહ્યું : ''ભગવત્ ભાવ લીધા પછી માણસ બહુ પાપ કરી શકતો નથી.''





## 'તારા માટે તો આવી છું !'

તે વખતે વારાણસીમાં હતાં. શિયાળાના દિવસો હતા. સાંજનો સમય હતો. ત્યાંની એક માધ્યમિક શાળામાં, તેના આચાર્યે માને માટે કીર્તનનો ખાસ ઉત્સવ રાખ્યો હતો, તેથી મા ત્યાં ગયાં હતાં.

વિશાળ મંડપ ઊભો કરવામાં આવ્યો હતો.

ત્યાં મંચ પર માને બિરાજમાન કર્યાં. ભાવવાહી કીર્તન શરૂ થયાં.

કીર્તન, સત્સંગ અને માનાં દર્શન માટે ઘણાં લોકો આવ્યાં હતાં.

કીર્તન બરાબર જામ્યું. કીર્તનના કેફી સૂરમાં સહુ ચકચૂર હતાં.

એ સમયે મા એકાએક વ્યાસપીઠ પરથી ઊભા થયાં. માની પાછળ માનો પરમ શિષ્ય અભય ને બીજા બે શિષ્યો પણ ઊભા થઈ ગયા ને માની પાછળ પાછળ બહાર નીકળી ગયા. મા દરવાજાની બહાર ઊભાં રહ્યાં. ત્યાં તો એક સજ્જન માનાં દર્શન માટે જ મોટરમાં આવ્યાં. માને દરવાજા ઉપર ઊભેલા જોઈ આશ્ચર્ય થયું. નીચે ઊતરી માને પ્રણામ કર્યાં ને પૂછ્યું : ''મા, અહીં કેમ ઊભાં છો ?''

માએ કહ્યું, ''તાત્કાલિક સ્ટેશને પહોંચવું છે.''

તે સજ્જને કહ્યું : 'ચાલો, અબઘડી મૂકી જાઉં.'

મા અને ત્રણેય ભક્તોને તેઓ સ્ટેશને મૂકી આવ્યા. અત્યારે રાત્રે મા એકાએક ક્યાં જવાનાં હશે તે કોઈનેય સમજાતું નહોતું. માનાં તો બધાં જ કાર્યો અકળ. એ કાર્ય પૂરું થઈ જાય પછી જ એના રહસ્યની સહુને જાણ થતી. બધાં ચૂપચાપ માને અનુસર્યાં. માએ અભયને કહ્યું :

''જા, સારનાથ જવા માટેની ફર્સ્ટક્લાસની ચાર ટિકિટ લઈ આવ.''

''મા, પણ અત્યારે એકેય ગાડી સારનાથ જતી નથી. હવે તો સવારે જ મળશે.''

તોપણ માએ કહ્યું : ''જા, ટિકિટ લઈ આવ.'' માની આવી આજ્ઞા થતાં અભય ટિકિટ લઈ આવ્યો. સામે ઊભેલી ગાડીમાં મા ચડી ગયાં. ગાડી કઈ છે, ક્યાં જવાની છે, કોઈ જ તપાસ કરી નહીં. મા ચડ્યાં એટલે અભય અને બીજા બે ભક્તો પણ માને અનુસર્યા. તે પછી ગાડી ઊપડી.

થોડે દૂર ચાલી. પણ આગળ સિગ્નલ અપાયું નહોતું એટલે એક નાના સ્ટેશનના યાર્ડ પાસે ગાડી ઊભી રહી.

મા ત્યાં ઊતરી ગયાં ને તેમની પાછળ ત્રણેય ભક્તો પણ. મા તો નીચે ઊભાં હતાં. એટલામાં ગાડી ઊપડી ગઈ. અંધારિયું અજાણ્યું સ્ટેશન ને પાછો તેનો યાર્ડ. આમાં ક્યાં જવું, શું કરવું એની ત્રણેય ભક્તો ચિંતા કરી રહ્યા હતા. પણ મા તો યાર્ડમાં આગળ ચાલવા લાગ્યાં. એટલામાં અભય તપાસ કરીને આવ્યો તો એ તો સારનાથનું જ યાર્ડ હતું. માએ કહ્યું : "ચાલો આપણે બિરલાની ધર્મશાળામાં જઈએ. હવે કોઈને ય ખબર ન હતી કે એ ક્યાં આવી છે. પણ મા આગળ આગળ ચાલવા લાગ્યાં અને પાછળ ત્રણેય ભક્તો. માને તો જાણે પરિચિત હોય તેમ ચાલી રહ્યાં હતાં. ચાલતાં ચાલતાં બિરલાની ધર્મશાળાના દરવાજા આગળ આવીને ઊભાં, પણ તેમને ખબર નહોતી કે એ જ ધર્મશાળા હતી. ચોકીદારને જગાડ્યો ને પૂછ્યું ત્યારે જાણ થઈ કે તેઓ સાચી જગ્યાએ જ આવી પહોંચ્યાં હતાં. બધા અંદર પ્રવેશ્યાં.

મા તો ઓસરીમાં થઈ જમણી બાજુના ઓરડામાં ગયાં. તે ઓરડો બંધ હતો. પણ અંદર ફાનસનું અજવાળું હતું, એટલું દેખાયું. માએ બંધ રહેલા બારણાને ધક્કો માર્યો તો તે ખૂલી ગયું. ને ત્યાં ખૂણામાં ખાટલામાં કોઈ સૂતું હતું. મા ઝડપથી ખાટલા પાસે ગયાં ને બોલ્યાં : "જુઓ, જુઓ હવે હું આવી ગઈ છું." માના આ શબ્દોથી તો તેને વધારે રડવું આવ્યું. તે માની શકતી જ નહોતી કે આટલી અંધારી રાત્રે આવી નિર્જન ધર્મશાળામાં મા પોતે આવે ! અને તેય એને માટે જ ખાસ આવે !" થોડીવાર પહેલાં જ તે ભયથી થર થર ધ્રૂજતી હતી અને વિચારતી હતી કે આ તે માની કેવી કસોટી ! પોતે છેક મહારાષ્ટ્રથી માને મળવા બનારસ પહોંચી તો ખબર મળ્યા કે મા તો સારનાથ ગયાં છે. એટલે તે સારનાથ આવી. અહીં મા મળશે જ એમ માનીને તેણે ઘોડાગાડીને પાછી વાળી દીધી. પછી ખબર પડી કે મા તો પાછાં વારાણસી જતાં રહ્યાં છે. હવે તો પાછાં જવા માટે કોઈ જ વાહન મળે તેમ ન હતું.

રાત અહીં જ ગાળવી પડે તેમ હતું.

તે અહીં ધર્મશાળામાં આવી. પણ રાત થતાં તેને ખૂબ બીક લાગવા માંડી. તેથી તે માને પોકારી રહી કે, "મા, ક્યાં છો ? ખૂબ જ ડર લાગે છે. આવી ભેંકાર જગ્યામાં સાવ એકલી છોડી દીધી ?"

મા સાથે મનોમન વાર્તાલાપ કરતી તે રડી રહી હતી.

તેનું એ આક્રંદ વારાણસીની શાળાના એ કીર્તનના સૂરમાં માને સંભળાયું ને તત્ક્ષણ મા ચાલી નીકળ્યાં.



હવે તેની સન્મુખ મા સાક્ષાત્ ઊભાં હતાં તો તેને થયું કે આ તો સ્વપ્ન છે કે સત્ય ? પણ મા એને પ્રેમથી પંપાળી રહ્યા હતાં. એ મધુર સ્પર્શ તે અનુભવી રહી હતી, એટલે થયું કે આ સ્વપ્ન તો નથી. પછી તો માએ એની સાથે ઘણી ઘણી વાતો કરી અને તેને ભયમાંથી બહાર કાઢી. તેને થયું કે જો મા વારાણસીમાં મળ્યાં હોત તો તો માનાં દર્શન થોડો સમય જ થયાં હોત ! આ તો માની સાથે જ આખી રાત રહેવા મળ્યું ! પોતાના ઉપર માની આવી કૃપા જોઈને બોલી ઊઠી :

"મા, આટલી અંધારી રાતે ! આટલે દૂર, આવી નિર્જન જગ્યાએ તો સગી મા પણ સંભાળ લેવા ન આવે ને તમે આવી પહોંચ્યાં ! સાચે જ તમે માથી પણ વિશેષ છો."

માની કૃપાથી પછી તેનું સમગ્ર જીવન પ્રભુમય બની ગયું.





# 'તારી શાંતિ માટે ગોઠવ્યું છે !'

એ દુર્ગાષ્ટમી સમયે મા કનખલ આશ્રમમાં હતાં. આશ્રમવાસીઓએ પાંચ દિવસનો દુર્ગાપૂજાનો ઉત્સવ યોજ્યો હતો. તેમાં દુર્ગાસ્ટમીને દિવસે બધાએ માની પૂજા કરવાનું નક્કી કર્યું. એ દિવસે વહેલી સવારથી માની પૂજા કરવા ભક્તોની લાંબી કતાર લાગી ગઈ હતી. કેટલાંય લોકો બહારગામથી ખાસ પૂજા માટે આવ્યાં હતાં.

માની એક ભક્ત-યુવતી પણ લાંબો પ્રવાસ ખેડીને પૂજા માટે આવી હતી. તે પણ આ કતારમાં જોડાઈ ગઈ. પણ તે એટલી લાંબી હતી કે બપોર સુધી ઊભી રહી તો પણ મા પાસે જવાનો તેનો વારો આવ્યો નહીં. બપોરનો એક વાગી ગયો. ને પછી તો મા આરામમાં ચાલ્યાં ગયાં. તેને માની પૂજા કરવા ન મળી. દિલમાં દારુણ દુઃખ થયું. એક તો લાંબી મુસાફરીનો થાક, કલાકોથી ઊભા રહેવાનો થાક અને માની પૂજા કરવા નહીં મળે તેની નિરાશા – આ બધાંથી ત્યાં જ ફસડાઈ પડી.

તેના પગમાં હવે જોર ન રહ્યું. નિરાશ વદને તે ત્યાં બેઠી હતી ત્યાં તેના જેવા અન્ય નિરાશ ભક્તો પણ આવી પહોંચ્યા.

બધાં ત્યાં બેસીને અંતરથી માને પ્રાર્થના કરવા લાગ્યાં.

ત્યાં તો મા અચાનક જ વરંડામાં આવ્યાં. તે યુવતીએ ઊભા થઈને એ તરફ સીધી દોટ જ મૂકીને તે મા પાસે પહોંચી ગઈ.

પણ માએ અટકાવીને કહ્યું : "તું હમણાં થોભ, પછી આવજે."

આ શબ્દો સાંભળીને એનો ઉત્સાહ ઓસરી ગયો ને ઢીલીઢફ થઈ પાછી ફરી ગઈ. "આટલે દૂરથી હું આવી છું ને મા મને દર્શન આપવામાં વિલંબ કેમ કરે છે ?"

તેને સમજાયું નહીં. તેને આઘાત લાગ્યો.

થોડે દૂર એક થાંભલાને અઢેલીને મા તરફ દૃષ્ટિ કરતી ઊભી રહી.

કેટલાંયે નવાં આવેલાં ભક્તજનોએ માનાં ચરણોમાં પુષ્પો ધર્યાં ને આશીર્વાદ મેળવ્યા. પણ મા હજુ તેને બોલાવતાં ન હતાં એટલે તે મનમાં દુઃખી થઈ રહી હતી. બધાં પૂજા કરીને જ્યારે ચાલ્યાં ગયાં તે પછી જ માએ બોલાવી. હવે તો તે એકદમ થાકી ગઈ હતી.



મુખ કરમાઈ ગયું હતું. તે મ્લાન વદને મા પાસે ગઈ.

માએ સસ્મિત આવકારી. પછી પ્રેમથી બોલ્યાં : "જો, મેં તારી શાંતિ માટે તને સહુથી છેલ્લે રાખી છે. સવારથી કેટલાં બધાં લોકો આવ્યા તે તેં જોયું ને ? કેટલી બધી ભીડ અને ધક્કામુક્કી હતાં ? કોઈનેય સરખી પૂજા કરવાની તક ન મળી. પોતાની ભેટ, પુષ્પો ને અન્ય સામગ્રી ગમે તેમ ફેંકીને લોકોને જવું પડ્યું. મેં તો તારી શાંતિ માટે, તારી જ શાંતિ માટે, માત્ર તારી જ શાંતિ માટે અત્યારે મિલન ગોઠવ્યું છે. હવે તું તારે નિરાંતે પૂજા કર."

આવી પ્રેમભરી વાણીથી તેનો બધો રોષ ઓગળી ગયો ને આંસુ વાટે વહેવા લાગ્યો. માનો આવો પ્રેમભાવ જોઈને પોતે જે માની લીધું હતું તેના પર તેને તીવ્ર પશ્ચાતાપ થવા લાગ્યો અને પરિણામે તે વધુ રડવા લાગી. તેને છેલ્લે રાખવા માટેની માની આવી યોજનાનો તો તેને વિચાર સરખો નહોતો આવ્યો ! પછી તો ખૂબ નિરાંતે માની પૂજા કરી.

તે દિવસે સાચા અર્થમાં તેની દુર્ગાષ્ટમીની પૂજા થઈ. પૂજાથી ચિત્ત પ્રસન્ન બની ગયું. માના આશીર્વાદ મેળવીને, માનો પોતાના પરનો ઊંડો પ્રેમભાવ જોઈને તે આનંદવિભોર બની ગઈ. થોડા સમય પહેલાની નિરાશા, થાક બધું જ અદૃશ્ય થઈ ગયું.

તે પાછી ફરી ત્યારે રસ્તામાંય માના શબ્દો જ સંભળાતા હતા, કે 'તારી શાંતિ માટે, તારી જ શાંતિ માટે મેં આમ કર્યું છે.' માના આ શબ્દો જાણે કે તેણે અગાઉ કરેલી પ્રાર્થનાના પ્રત્યુત્તરરૂપે હોય તેવું હવે તેને જણાયું. હજુ થોડા વખત પહેલાં જ તેણે માને તીવ્રભાવે પ્રાર્થના કરી હતી : "મા, હું ખૂબ ક્રોધી છું. ઉદ્વિગ્ન રહું છું. મારા ચિત્તમાં જરાય શાંતિ નથી. મને શાંતિ આપો, શાંતિ આપો."

માની છબી પાસે કરેલી આ પ્રાર્થના માએ સાંભળી અને તેને પ્રતીતિ કરાવી કે, 'તારી શાંતિ માટે આ કર્યું છે !' હવે તેને લાગ્યું કે સાચે જ માએ તેના અંતરમાં શાંતિ સ્થાપી દીધી છે.

એના જીવનમાં પછી એને એ શાંતિનો અનુભવ થવા લાગ્યો.

પરિણામે તેનો ક્રોધને ઉદ્વેગ પણ ઓછાં થતા ગયા ને અંતતોગત્વા અલોપ થઈ ગયા. એ જ તો હતી દુર્ગાષ્ટમીની એની પૂજા સ્વીકારીને માએ તેને આપેલી ભેટ.



## વૃક્ષ બોલાવ્યાં !

"જો તો દીદી, પેલું ગામ કેટલું રળિયામણું લાગે છે !" મા લખનૌથી ઉનાવ મોટરમાં જઈ રહ્યાં હતાં ત્યારે ગુરુપ્રિયા દીદીને કહ્યું.

દીદીએ એ તરફ નજર કરી તો સાચે જ લીલાંછમ વૃક્ષો ને ગારમાટીનાં ઘરોથી શોભતું એ ગામ સુંદર લાગતું હતું.

"હા મા, ગામ છે તો સુંદર."

"ચાલને, આ ગામમાં જઈએ ને ત્યાંનાં સુંદર વૃક્ષો જોઈએ !"

માએ આમ કહેતાં દીદીએ ડ્રાઈવરને ગામમાં લઈ જવાની સૂચના આપી. ગામમાં પહોંચતાં જ મા તો મોટરમાંથી ઝડપથી નીચે ઊતર્યાં ને ચાલવા લાગ્યાં. દીદીને કહેતાં ગયાં :

"મોટરમાં મૂકેલો માળાનો કરંડિયો તું લેતી આવજે."

આ તો સાવ અજાણ્યું ગામ છે. અહીં નથી કોઈ ઉત્સવ કે નથી કોઈ કથા-કીર્તન. માને આ માળાઓનું શું કરવું હશે ? દીદી વિચારી રહ્યાં. પણ મા એ કહ્યું હતું એટલે ટોપલો લઈને ઝડપથી ઊતરીને માની સમીપ પહોંચવા ચાલવા લાગ્યાં. તેમણે દૂરથી માને એક ઝૂંપડીની સામે ઊભેલાં જોયાં. ત્યાં એક પાણીનું ખાબોચિયું ભરેલું હતું. તેની પાસે બે વૃક્ષો હતાં, એક લીમડાનું અને બીજું વડનું. બંને હજુ નાનાં હતાં; ઘેઘૂર નહોતાં. તેમનાં પાંદડાં પણ વધારે નહોતાં, પણ એકદમ લીલાંછમ હતાં. આ વૃક્ષો એવાં ઘટાદાર નહોતાં કે રસ્તા પરથી તેમના તરફ કોઈનું ય ધ્યાન ખેંચાય. દૂર રસ્તા પર જઈ રહેલી મોટરમાંથી તો એ દેખાય પણ નહીં. પણ ભૌતિક આંખે જે દેખાતા ન હતાં કે ભૌતિક કાનોથી જેનો સાદ સાંભળી શકાતો ન હતો, તે માએ પોતાની સૂક્ષ્મ દૃષ્ટિથી જોયું ને સાંભળ્યું. તેથી જ તો મા તેમની સમીપ પહોંચી ગયાં.

મા બંને વૃક્ષનાં થડ પાસે જઈને ઊભાં રહ્યાં ને પોતાના હાથેથી પંપાળવા લાગ્યાં. પછી જીવંત હોય તેમ તેમની સાથે વાત કરતાં કહ્યું :

"તો, તમે જ મને અહીં બોલાવી છે ને ?"



એટલામાં તો ત્યાં ગામનાં ઘણાં લોકો એકઠાં થઈ ગયાં. માને આ વૃક્ષો સાથે આ રીતે વાતો કરતાં જોઈને આશ્ચર્ય થયું.

માએ ગામનાં માણસોને પૂછ્યું : "આ વૃક્ષો કોણે વાવ્યાં છે ?"

"દ્વારકાએ વાવ્યાં છે." કોઈ બોલ્યું.

"એ ક્યાં છે ? એને બોલાવો." "પાસેની ઝૂંપડીમાં જ એ રહે છે. હમણાં બોલાવી લાવું." કહીને એક માણસ દોડતો ત્યાં ગયો.

પણ દ્વારકા ઘેર નહોતો એટલે તેની પત્ની ત્યાં આવી.

માએ કહ્યું : "આ વૃક્ષોનું જતન કરજો. એની નીચે લીંપીગૂંપીને રાખજો. એની પૂજા કરજો. આ બધું કરશો તો ખૂબ સુખી થશો."

તે સ્ત્રીએ હાથ જોડી તેમ કરવાની સંમતિ આપી. પછી માએ કરંડિયામાંથી પુષ્પમાળાઓ કાઢી વૃક્ષોના થડને પહેરાવી. તેની પૂજા કરી. મોટરમાંથી ફળો મંગાવ્યાં. ને તેનો પ્રસાદ ધરાવ્યો ને બધાંને વહેંચ્યો.

આ રીતે વૃક્ષોની પૂજા તો હજુ સુધી કોઈએ ક્યારેય કરી ન હતી.

એક દેવી માતા મોટરમાંથી નીચે ઊતરી આવી, પૂજા કરી, પ્રસાદ ધરાવી જાય એ તો ગામલોકોને માટે ભારે આશ્ચર્યની બાબત હતી ! નક્કી, આ તો દેવતાઈ ઝાડ હોવા જોઈએ એમ ગામલોકોને લાગ્યું.

એમનું અનુમાન ખોટું પણ ક્યાં હતું ! માએ રસ્તામાં ચાલતાં ચાલતાં દીદીને કહ્યું : "એક લીમડાનું અને બીજું વડનું વૃક્ષ. એક હરિ ને બીજા હર." આટલું બોલીને મા ચાલતાં અટકી ગયાં.

ગ્રામજનો પાછળ પાછળ આવી રહ્યાં હતાં. માએ બધાંને કહ્યું :

"તમે લોકો કંઈ દરરોજ ભગવાનના નામનો જપ કરી શકશો નહીં. પણ સમય મળે ત્યારે તમે લોકો આ વૃક્ષો નીચે બેસજો. પૂજા કરજો. કીર્તન કરજો. એથી કામ થઈ જશે."

લોકોએ ખાતરી આપી : "મા, આપે કહ્યું તે પ્રમાણે જ કરીશું."

પછી મા આગળ ચાલ્યાં ને મોટરમાં બેઠાં. પછી તે બંને વૃક્ષો ઉપર પ્રેમાળ દૃષ્ટિ નાખી, વિદાય લઈ, મોટર ચલાવવા કહ્યું. દીદીને મનમાં હજુ ય આશ્ચર્ય હતું કે મા એકાએક અહીં કેમ ઊતરી ગયાં ને એ વૃક્ષો પાસે કેમ જઈ પહોંચ્યાં. મનમાં ઘૂંટાતો એ પ્રશ્ન માને પૂછે તે પહેલાં જ માએ કહ્યું : "દીદી, કેવી આશ્ચર્યકારક વાત છે કે તે બંને વૃક્ષો મારી પાસે આવ્યાં હતાં અને તેમણે મને ત્યાં બોલાવી. તેઓ જ મને ત્યાં લઈ ગયાં. મોટરમાંથી મેં જોયું કે એક વૃક્ષ બીજા પાસે ગયું,

બંને એકબીજાને ભેટ્યાં ને પછી એકરૂપ થઈ ગયાં. એ પછી તેઓ આપણને ખેંચીને ત્યાં લઈ ગયાં. આવું ખેંચાણ મેં કદી અનુભવ્યું નથી. સાચી વાત તો એ છે કે એ વૃક્ષરૂપે બે મહાપુરુષો આવ્યાં છે."

આ રહસ્ય પ્રગટ થતાં દીદી બોલી ઊઠ્યાં :

"મા, તમે ફક્ત મનુષ્યોનાં જ નહીં, પશુ, પક્ષી, વનસ્પતિનાં ય માતા છો ને તેમની બધાંની પણ સારસંભાળ લો છો. ખરેખર અકળ છે તમારી લીલા ને અગમ્ય છે તમારાં કાર્યો !"

**સંસાર ભલે કશું જ બાકી રાખ્યા વગર બધું તમને આપે તો પણ શું તેમાં શાંતિ છે ખરી ? તમારું સાચું અસ્તિત્વ જ્ઞાન છે, શાંતિ છે. જ્યાં સુધી તમને આ અનુભૂતિ નહીં થાય ત્યાં સુધી તમને શાંતિ મળશે નહીં. વાસનાઓને સળગતી રાખવાની બુદ્ધિ ચાલુ રાખવી, એ સંસારનો સ્વભાવ છે. સંસાર પાસેથી તમે સાંસારિક વસ્તુઓ જ મેળવી શકો-પરમ ઉચ્ચ શાંતિ કદીયે નહીં. એટલા માટે તમારા સાચા સ્વભાવને જાગ્રત કરવો એ વિધાયક કર્તવ્ય છે. તમે ઈચ્છાઓના રાજ્યમાં રહી શકતા નથી.**

**– 'શ્રી શ્રી મા'**





## 'તમે જે માનો છો તે જ હું છું !'

મા નર્મદાકિનારે વ્યાસતીર્થમાં થોડો સમય રહ્યાં હતાં તે સમયની આ વાત છે. ગુજરાતના અનેક ભક્તો માનાં દર્શને આવતા હતા. તેમાં એક દિવસ કાંતિભાઈ (રઘુનાથદાસજી) પણ આવ્યા. પ્રથમ વખત જ માનાં દર્શન કરી રહ્યાં હતાં. છતાં જાણે મા સાથે ગાઢ આત્મીયતા હોય એવું પ્રબળ ખેંચાણ અનુભવ્યું. આવું તીવ્રતમ ખેંચાણ તો ક્યારેય અનુભવ્યું નહોતું. આ એક બંગાળી માતાએ પહેલી જ મુલાકાતમાં એવું કંઈક જાદુ કરી દીધું કે, કાંતિભાઈનું સમગ્ર અસ્તિત્વ માની ઝંખના કરવા લાગ્યું. કૃષ્ણ આંખથી દૂર થતાં જેમ ગોપીઓ વિહ્વળ બની જતી એવું જ કાંતિભાઈનું થયું. માનાં દર્શન કરીને પાછા ઘેર તો ગયા, પણ પછી ચિત્ત કશાયમાં ચોંટતું ન હતું. નજર સામે વારંવાર એ મધુર મુખડું ને અમી વરસાવતાં નેત્રો દેખાતાં રહ્યાં. એવું થવા લાગ્યું કે જાણે જન્મ-જન્માંતરથી તેઓ એ દિવ્યમુખ સાથે જોડાયેલા છે. જેમ જેમ આ ભાવ પ્રબળ બનતો ગયો તેમ તેમ તેમના આશ્ચર્ય વચ્ચે દુન્યવી સંબંધોની આસક્તિ છૂટતી ગઈ. સંસારનાં બંધનો સહજ રીતે ખરી પડ્યાં. એ સાથે હૃદયમાં તીવ્ર વૈરાગ્યભાવ પ્રગટવા લાગ્યો. પછી તો સંસારી જીવનમાં રહેવું જ મુશ્કેલ બની ગયું. તેથી સીધા મા પાસે જ આવી પહોંચ્યા. તેઓ પહેલી વાર માને મળ્યા ત્યારે જ મા તો પોતાના બાળકને ઓળખી ગયા હતા. પણ જ્યાં સુધી અંતરમાં વૈરાગ્યનો ભાવ પ્રબળ ન બને અને જ્યાં સુધી તેઓ પોતે માનું શરણું ન સ્વીકારે ત્યાં સુધી માએ કશું જ કહ્યું નહીં. પણ તેઓ માના શરણમાં આવી ગયા ને કહ્યું, "મા, મારા ઉપર કૃપા કરી સ્વીકાર કરો."

ત્યારે માએ કૃપા કરી, તેમનો સ્વીકાર કરી, તેમને રઘુનાથદાસજી બનાવી દીધા. મા પાસે રહીને સાધના કરવા લાગ્યા. અનેક વિધ દિવ્ય અનુભૂતિઓ થવા લાગી. છતાં પણ મનમાં મા વિશે ક્યારેક ક્યારેક પ્રશ્ન ઝબકી ઊઠતો કે ખરેખર 'મા કોણ છે ?'

ભક્તો પાસેથી માના સ્વરૂપ વિશે જાતજાતની વાતો સાંભળી હતી. કોઈ કહેતું કે, 'મા સાક્ષાત્ આદ્યાજનની ભગવતી છે.' કોઈ કહેતું, 'મા પૂર્ણબ્રહ્મ નારાયણનો

અવતાર છે.' આમ અનેક પ્રકારની વાતો સાંભળવા છતાંય પોતાને નક્કર અનુભૂતિ ન થાય ત્યાં સુધી મનમાં શંકા રહ્યા કરતી હતી કે, 'માનું સાચું સ્વરૂપ શું છે ?'

આ શંકાનું નિવારણ ન થતાં મનમાં ભારે મૂંઝવણ થવા લાગી. આખરે એક દિવસ મા પાસે જ મૂંઝવણ ઠાલવી નાખી : "મા, તમે કોણ છો ? બધા કહે છે કે તમે ભગવાન છો, આદ્યશક્તિ છો. પણ મને તો એવો કોઈ અનુભવ થયો નથી; એટલે હું બધાની વાત સ્વીકારી શકતો નથી. તો આપ જ આપનો પરિચય આપો."

કાંતિભાઈના મનમાં ચાલી રહેલી મૂંઝવણ મા તો જાણતાં હતાં. પણ એ મૂંઝવણ દૂર થાય, એમના મનની શંકા શમે તો જ માના સાચા સ્વરૂપને તેઓ જાણી શકે. માએ જોયું કે હજુ તેમનો સમય આવ્યો નથી. નહીં તો માએ જેમ જ્યોતિષબાબુને પોતાના દિવ્ય સ્વરૂપનું દર્શન કરાવ્યું. જેમ પંડિત ગોપીનાથજીને દર્શન કરાવ્યું તેમ કાંતિભાઈને પણ કરાવી શક્યાં હોત ! પણ આધાર સંપૂર્ણ વિશુદ્ધ અને પરિપક્વ હોય, સમર્પણ અને નિષ્ઠા સો ટચનાં હોય ત્યારે જ દિવ્ય મા ભગવતીના સ્વરૂપની અનુભૂતિ કરી શકાય. પણ હજુ એ માટેનો સમય આવ્યો નહોતો. આથી માએ કોઈ સ્પષ્ટ જવાબ ન આપતાં માત્ર આટલું જ કહ્યું : "તમે જે માનો છો તે જ હું છું." પણ આ જવાબથી તેમને બિલકુલ સંતોષ ન થયો. શંકાશીલ મન શાંત ન થયું. ઊલટું તે વધારે પ્રવૃત્ત બન્યું. આથી એક દિવસ કહ્યું : "મા, મને એવું થાય છે કે તમારી પાસે સ્થાયી થતાં પહેલાં ભારતનું પરિભ્રમણ કરું. ભારતમાં ઘણા ઉચ્ચ કોટિના સાધુસંતો વિદ્યમાન છે એમનો સત્સંગ કરું. મનમાં આવી ઈચ્છા જાગી છે એટલે જો એની પૂર્તિ નહીં કરું તો મારા મનમાં અસંતોષ રહી જશે કે હું ક્યાંય ગયો નહીં ને અહીં જ પડ્યો રહ્યો. આથી રજા આપો તો બહાર જાઉં."

આ વાત સાંભળીને માના મુખ પર સ્મિત ફરકી રહ્યું : "ખુશીથી જાઓ. જ્યાં ઠીક લાગે ત્યાં રહેજો. યોગ્ય ગુરુ મળે તો દીક્ષા પણ લઈ લેજો. મારા હાર્દિક આશીર્વાદ છે."

આમ માની રજા લઈને સાધુસંતોના દર્શને ચાલી નીકળ્યા.





## 'મા ક્યાં હશે ?'

મા પાસેથી નીકળ્યા બાદ કાંતિભાઈએ અનેક સાધુસંતોનાં દર્શન કર્યાં. તેઓ પાપા રામદાસના આશ્રમમાં રોકાયા.

ત્યાંથી પોંડિચેરી, જગન્નાથપુરી થઈને શાંતિનિકેતનમાં આવ્યા.

ત્યાં તેઓ નંદલાલ બોઝને ત્યાં ઊતર્યા હતા. નંદલાલ બોઝને જણાવ્યું, "હું અહીં ઓછામાં ઓછું એક અઠવાડિયું તો રોકાઈશ જ."

યજમાને પણ એ રીતનો શાંતિનિકેતનનો તેમનો પ્રોગ્રામ ગોઠવી દીધો હતો. પણ એમણે તો બીજે જ દિવસે નંદલાલ બોઝને કહ્યું :

"મારે અહીંથી જલદી જવું જોઈશે."

"પણ કેમ ? તમે તો આઠ દિવસ રોકાવાનું નક્કી કર્યું હતું ને એકાએક કેમ જવાનું નક્કી કર્યું ?"

"બસ જવું છે." તેમના જવાના સંકલ્પ આગળ કોઈનો ય આગ્રહ ચાલ્યો નહીં. કેમ કે, એ સંકલ્પની પાછળ એક અદમ્ય ખેંચાણ હતું; એક વ્યાકુળતા હતી. પોતાની માતાને ન જોતાં બાળક જે વિહ્વળતા અનુભવે તે અનુભવી રહ્યા હતા. તેમાં બન્યું એવું કે તેઓ શાંતિનિકેતન પહોંચ્યા તે જ બપોરે, આરામ કરી રહ્યા હતા ત્યારે, ઊંઘમાં એવો અનુભવ થયો કે, જાણે મા તેમને બોલાવી રહ્યાં છે. આવું થતાં ઝબકીને એકાએક જાગી ગયાં ને જાગ્યાં કે તુરત જ થયું કે, 'જો મા બોલાવી રહ્યાં હોય તો મારે તાત્કાલિક મા પાસે પહોંચી જવું જોઈએ ! પણ મા ક્યાં હશે ? તેઓ તો અજ્ઞાતવાસમાં હતાં. અને તેમના ખાસ એક-બે શિષ્ય સિવાય કોઈને ય તે સ્થળની જાણ નહોતી. માના સઘળા પત્રો પણ હરિરામ જોષીને ત્યાંથી જ આવતા જતા હતા. હવે શું કરવું ?'

તેની ગડમથલમાં હતા ત્યાં શાંતિનિકેતનમાં આવેલા એક પત્ર પર નજર પડી. સદ્‌ભાગ્યે પોસ્ટના સિક્કામાં શહેરનું નામ સ્પષ્ટ રીતે વાંચી શકાતું હતું. એ નામ 'સાગર' શહેરનું હતું. 'સાગર' શહેર વિશે તેમણે પોસ્ટ ઑફિસમાં જઈને તપાસ કરી તો ભારતમાં એકને બદલે પાંચ સાગર શહેર નીકળ્યાં ! હવે આમાં ક્યાં 'સાગર'

શહેરમાં મા હશે તે શોધવાનું મુશ્કેલ હતું. આ બાબતમાં મિત્રોની સલાહ લીધી. તો મિત્રે સૂચન કર્યું : "મા મધ્યપ્રદેશના સાગર શહેરમાં જ હોવા જોઈએ." પણ છતાં તેમને અંતરમાં ખાતરી નહોતી થતી કે એ જ શહેરમાં મા હશે. પણ એવી શ્રદ્ધા હતી કે, માએ બોલાવ્યા હશે તો તેઓ જ એમની પાસે દોરી જશે. હવે તેઓ 'સાગર' જવા ઊપડ્યા. કલકત્તા સ્ટેશને આવતાં વિચાર આવ્યો કે રસ્તામાં કાશી આવે છે તો ત્યાં ઊતરી જાઉં. ત્યાં માના ઘણા ભક્તો છે, કદાચ કોઈ પાસેથી સરનામું મળી પણ જાય.

કાશીમાં તેઓ નિર્મલકુમાર ચેટરજીને ત્યાં જ ગયાં; કેમ કે, મા તેમના બગીચામાં ઊતરતા. ત્યાં કોઈનેય માના અજ્ઞાતવાસના સ્થળની જાણ નહોતી.

તેઓ માના અન્ય ભક્તોને મળ્યા. તેમના પર આવેલા માના કાગળો જોયા. બધા પર સાગર શહેરની છાપ હતી. એટલે એટલું તો નિશ્ચિત થઈ ગયું કે મા સાગર શહેરમાં જ છે અને તે પણ મધ્યપ્રદેશમાં જ. તેથી તેઓ મધ્યપ્રદેશના સાગર શહેરમાં રાત્રે બે વાગે માને મળવાની તીવ્રતમ વ્યાકુળતા સાથે ઊતર્યા.

સ્ટેશનની નજીકની ધર્મશાળામાં ગયા ને સવારે તો માને ગમે તે રીતે શોધી કાઢીશ એમ વિચાર કરતાં ઊંઘી ગયા.

> **એવાં કેટલાંય કર્મો છે કે જેને પરિણામે માણસ મરણ પછી મોટાં દુઃખોમાંથી પસાર થાય છે - અને મુક્તિ મેળવી શકતો નથી. અંધકારમાંથી પણ માણસે વધુ ગાઢ અંધકાર તરફ ધકેલાવું પડે છે. આમ શા માટે થાય છે, તે સમજાવી શકાતું નથી. આ તેનું એક અગમ્ય પ્રદાન છે. જેવું વાવે છે, તેવું તે લણે છે.**
>
> **- 'શ્રી શ્રી મા'**





## "આવાં માતાજીને તમે જોયા છે ?"

આવડું વિશાળ સાગર શહેર અને તેમાંય અજ્ઞાતવાસમાં રહેલાં મા. તેમને શોધવા એ કંઈ સહેલું નહોતું. કાંતિભાઈ આ શહેરમાં કોઈને ય ઓળખતા નહોતા. મા વિશે પૂછવું પણ કોને ? પણ માએ બોલાવ્યા છે તો તેઓ ગમે ત્યાં હશે, પણ જરૂર શોધી શકાશે, એવી દૃઢ શ્રદ્ધા હતી. તેથી હાથમાં માની છબિ લઈને 'સાગર'માં માને શોધવા ચાલી નીકળ્યા. પહેલાં શાક માર્કેટમાં ગયાં.

એમને થયું કે મા સાથે અભય ને દીદી તો આવ્યાં જ હશે. અભયનું વર્ણન કરી પૂછતાછ કરી, પણ ત્યાં કોઈ ભાળ મળી નહીં. પછી પોસ્ટ ઑફિસે ગયા. પોસ્ટ માસ્તરને 'સાગર'ની છાપવાળો પત્ર બતાવ્યો તો તેમણે જણાવ્યું કે આ છાપ અહીંની જ છે. આ પત્ર કઈ પોસ્ટ ઑફિસમાંથી નીકળ્યો છે તેની માહિતી તેમણે પોસ્ટ માસ્તર પાસે માગી. પણ બ્રાન્ચ ઑફિસ હોવાથી તેમની પાસેથી માહિતી મળી નહીં. નિરાશ થઈને પોસ્ટ ઑફિસમાંથી બહાર નીકળ્યા. ત્યાં એક દવાની દુકાન હતી. ત્યાં જઈ અભયનું વર્ણન કરી પૂછ્યું કે આવો કોઈ યુવાન અહીં દવા લેવા આવે છે ખરો ?

દુકાનદારે ના પાડી. પછી તેમને વિચાર આવ્યો કે અહીં કોઈ બંગાળી કુટુંબ રહેતું હોય તો ત્યાં કદાચ મા વિશે જાણવા મળે. માના સમાચાર જાણવાની ઝંખના એવી તીવ્ર હતી કે રજા લેવાનો શિષ્ટાચાર પણ ચૂકી ગયા ને સીધા ઘરમાં જ ઘૂસી ગયા. એક તો ચહેરા ઉપર નિરાશા વ્યાપેલી હતી, પાછો થાક, રઝળપાટ— બધાને લીધે રખડું માણસ જેવા દિદાર થઈ ગયા હતા. આવા માણસને ઘરમાં ઘૂસી ગયેલા જોઈને બંગાળી બાબુ તો ધૂંવાંપૂંવાં થઈ ગયા.

તેમની એક પણ વાત સાંભળ્યા વગર ઘરમાંથી સીધા બહાર તગેડી મૂક્યા. સાવ હતાશ થઈને ત્યાં આમતેમ ભટકવા લાગ્યા. હશે શું કરવું તેની ભારે વિમાસણ હતી.

આમતેમ ચાલતા હતા ત્યાં એક બંગાળી વકીલના સાઈન-બૉર્ડ પર નજર પડી. તેમના મનમાં આશા જાગી કે આ બંગાળી વકીલને તો માની જરૂર ખબર હશે જ. ઉત્સાહભેર તેની ઑફિસનાં પગથિયાં ચઢી તેમને નમસ્કાર કરી પૂછ્યું : "મા આનંદમયી અહીં આવ્યાં છે, તો તેઓ ક્યાં છે ? આપને જાણ હોય તો કહો."

"શું મા આનંદમયી અહીં આવ્યાં છે ?" તેમણે સામો પ્રશ્ન કર્યો : "મને તો એ વિશે ખબર જ નથી."

આશાનો ચમકારો ક્ષણભર ઝબૂકી વીજળીની જેમ અદૃશ્ય થઈ ગયો.

"હવે શું કરવું ? માને શોધવા ક્યાં ? તેઓ વિચારી રહ્યા. પછી વકીલબાબુને વિનંતિ કરી કે હેડ પોસ્ટ ઑફિસમાં ઓળખાણ હોય તો પોસ્ટ માસ્તરને કહીને મને માનું સરનામું અપાવો." વકીલ બાબુએ મુખ્ય પોસ્ટ માસ્તરને ફોન કર્યો ને કાંતિભાઈને મદદ કરવા કહ્યું. પોસ્ટ માસ્તરે ખૂબ સારો આવકાર આપ્યો. લાગતાંવળગતાં બધાંને માના સરનામા વિશે પૂછી જોયું; પણ કોઈને ય ખબર ન હતી. ખૂબ નિરાશ થઈને પાછા આવ્યા. ને રસ્તે ચાલતાં ચાલતાં 'મા, તમને શોધવાનો માર્ગ હવે તમે જ બતાવો.' એવી પ્રાર્થના કરવા લાગ્યા.

બપોરનો સમય હતો. રસ્તો સૂમસામ હતો. દૂર રહેલા રામજી મંદિર પ્રત્યે નજર ગઈ. તેઓ તે તરફ ચાલ્યા. ત્યાં પૂજારીને મળ્યા.

હાથમાં રહેલો માનો ફોટો બતાવી પૂછ્યું :

"આવાં કોઈ માતાજી મંદિરમાં આવ્યાં હતાં ખરાં ?"

"હા, હા, આ જ માતાજી સાથે લાંબા વાળવાળાં એક બહેન ને વાંકડિયા વાળવાળો એક છોકરો પંદરેક દિવસ પહેલાં આવ્યાં હતાં. થોડા દિવસ રોકાઈને પછી ક્યાં ચાલ્યા ગયાં તેની ખબર નથી."

આ સાંભળીને કાંતિભાઈને એટલી સાબિતી તો જરૂર મળી કે મા છે તો આ બાજુ જ ક્યાંક, પણ હવે ક્યાં શોધવા એમને ? પછી વિચાર કરતાં થયું કે, મા જો ક્યાંય પણ ગયાં હશે તો સ્ટેશનેથી જ ગયાં હશે. માનું વ્યક્તિત્વ જ એવું છે કે એમના પર દરેકની દૃષ્ટિ પડ્યા વગર રહે જ નહીં. આથી સ્ટેશને કોઈ ને કોઈ જાણતું હશે.

તેઓ સ્ટેશન માસ્તરને મળ્યા. ફોટો બતાવી પૃચ્છા કરી. પણ સ્ટેશન માસ્તરે કહ્યું કે, 'મેં આવાં માતાજીને અહીં સ્ટેશને જોયાં નથી.'

અહીં પણ તેમને સમાચાર મળ્યા નહીં. તેમણે સ્ટેશન માસ્તરને કહ્યું : "માને સ્ટેશન પર જુઓ તો હું પાસેની ધર્મશાળામાં જ છું, મને ખબર આપજો." પોતાનું સરનામું આપીને સ્ટેશનની બહાર નીકળ્યા.

હવે ખૂબ થાકી ગયા હતા. ગઈ કાલનું કશું ખાધું પણ નહોતું. રઝળપાટ કરીને પગ તો સૂજીને થાંભલા જેવા થઈ ગયા હતા. ભૂખ અને થાકને લીધે શરીર અશક્ત જણાતું હતું. "ક્યાં હશે મા ?" મનમાં આ એક જ રટણ ચાલતું હતું. દૂધવાળાની દુકાનેથી દૂધ પીધું. પેટમાં થોડીક ઠંડક થઈ ને શરીરમાં ચેતન આવ્યું. પછી સામે જોયું તો મોટરવાળાનું સાઈન બૉર્ડ હતું. અંતરમાંથી પ્રેરણા થઈ કે, 'મોટરવાળાને પૂછું.' પૂછ્યું તો એ કંઈ જાણતો નહોતો. પણ કાંતિભાઈની વાત સાંભળી સહાનુભૂતિ જાગી. તેણે કહ્યું : "આ ફોટાવાળા માતાજીની ભાળ મળશે એટલે તુરત તમને ધર્મશાળામાં જાણ કરી જઈશ."

જેવી માની ઇચ્છા ! અત્યાર સુધીની રઝળપાટનું શૂન્ય પરિણામ જોઈને હતાશ બની ગયેલા કાંતિભાઈ પાછા ધર્મશાળામાં આવ્યા ને ઓરડામાં ફસડાઈ પડ્યા.

ચાર વાગ્યા સુધી ચૂપચાપ પડ્યા રહ્યા. ચાર વાગ્યે ઊઠવાનું કરતા હતા ત્યાં તેમના નામની બૂમ પડી. બહાર નીકળી જોયું તો મોટરકંપનીનો જ માણસ હતો. તેણે કહ્યું : "તમારાં માતાજી અહીંથી નવ માઈલ દૂર ચિતોરા નામની જગ્યાએ છે. એક સ્ત્રી ને એક છોકરો તેમની સાથે છે. પણ એ તમારાં જ માતાજી છે એની મને ચોક્કસ ખબર નથી."

"હા, બસ એ જ. એ જ મારા માતાજી છે" એમ કહી, સામાન લઈ, ઝટપટ બહાર નીકળ્યા. ને એ જ ટેક્ષીવાળાની ટેક્ષી કરી. અર્ધા કલાકમાં તો ચિતોરાના એક મકાનની સામે આવીને ઊભા રહ્યા. ડ્રાઈવરે કહ્યું : 'પેલા મકાનમાં તમારાં માતાજી છે. ત્યાં જઈને પૂછો.' લગભગ દોડતા જ એ મકાનમાં પહોંચ્યા. એ મકાનમાં અત્યંત ગહન શાંતિ વ્યાપેલી જણાઈ. પહેલા ઓરડામાં જોયું તો કોઈ નહોતું. બીજા ઓરડામાં પણ કોઈ નહોતું. આથી હૃદય ધડકવા લાગ્યું કે શું મા અહીંથી પણ ચાલ્યાં ગયાં ? ત્યાં તો બાજુના ઓરડામાં અભયને ઊભેલો જોયો ને તેમનો થડકાટ આનંદમાં પલટાઈ ગયો.

અભયની પાછળ ગુરુપ્રિયા દીદી અને માને પણ ઊભેલાં જોયાં. જીવમાં જીવ આવ્યો. નિરાંત થઈ કે આટલી રઝળપાટને અંતે માએ સાચી જગ્યાએ જ લાવી દીધા હતા !

હવે એમને જોઈને દીદી અને અભયને ખૂબ જ આશ્ચર્ય થયું. તેઓ કંઈ બોલે તે પહેલાં તો દીદી બોલી ઊઠ્યાં : "અરે, કાંતિભાઈ, તમે ? શું વાત કરું ! આજે બપોરે જ મા બેત્રણ વાર કાંતિ, કાંતિ, કાંતિ એમ બોલ્યાં.

એટલે મેં માને પૂછ્યું : "મા, તમે કયા કાંતિભાઈને આમ બૂમ પાડી રહ્યાં છો ? ગુજરાતવાળા કાંતિભાઈ કે ?"

"હા, એને જ બોલાવું છું. ને જુઓ તો ખરા, બપોરે મા તમને બોલાવી રહ્યાં હતાં ને અત્યારે તમે સાક્ષાત્ માની સામે ઊભા છો ! અહીં કેવી રીતે આવ્યા ?

અહીંની ખબર કેવી રીતે પડી ?' દીદી આશ્ચર્યથી પ્રશ્નો પૂછવા લાગ્યા. પણ કાંતિભાઈને તો જવાબ આપવા જેટલી સુધ ક્યાં હતી ? તેઓ તો દોડતા માનાં ચરણોમાં જઈ પડ્યા ને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા."

"અરે, પણ તમે આટલા બધા રડો છો શા માટે ? તમને તો ઊલટો આનંદ થવો જોઈએ કે અજ્ઞાતવાસમાં પણ માને શોધી કાઢ્યાં." દીદીએ કહ્યું.

પણ તેમનું રુદન અટક્યું જ નહીં. માએ પણ જાણે ખાલી થવા દીધા ને તેમણી વ્યથાને રુદન વાટે વ્યક્ત થવા દીધી. પછી તેમણે તેમના મસ્તકને પંપાળી બે હાથ વડે ઊભા કર્યા.

પછી મા એક જ વાક્ય બોલ્યાં : "જે શોધે છે તે પામે છે."

માના આ શબ્દોએ તેમના અંતરમાં એક નવો જ પ્રકાશ પાથરી દીધો. તેમને ત્યારે એવી અનુભૂતિ થઈ કે જન્મોજન્મથી જેમને શોધી રહ્યા હતા તે માની આજે પ્રાપ્તિ થઈ ગઈ. પછી તેમનું રુદન શમી ગયું. મા, દીદી ને અભયે પછી તેમના મુખે 'અજ્ઞાતવાસની શોધ'ની કથા સાંભળી. ત્યારે દીદીએ કહ્યું, 'આટલી પ્રબળ ઝંખના હોય તો પછી મા મળે જ ને ?' એ પછી તેઓ માને છોડીને ક્યાંય ગયા નહીં.

**જન્મમરણયુક્ત આ જગતમાં વિયોગનું દુઃખ અનિવાર્ય છે. ધૈર્યનું શરણું લઈને એ સહન કરો. યથા સાધ્ય તમારાં માતાપિતાનાં સલાહ-સૂચનોનું પાલન કરો. બધો જ વખત તમારું મન ઈશ્વરના ચિન્તનમાં ડૂબેલું રાખો કે જેથી દુઃખો તરફ ઘસડી જતા માર્ગમાં ભટકવાની કોઈ સંભાવના જ ન રહે.**

**– 'શ્રી શ્રી મા'**





## ઊર્ધ્વલોકમાં

પંદરેક વર્ષના કેદારના જીવનમાં અચાનક સૂક્ષ્મ જગતની અનુભૂતિઓ ઊતરી આવી. તેને એવો અનુભવ થતો હતો કે ઊર્ધ્વલોકમાંથી કોઈ દિવ્ય પુરુષ આવે છે, તે તેના સ્થૂલ શરીરમાંથી બહાર કાઢીને ઊર્ધ્વમાં લઈ જાય છે. તેનું સૂક્ષ્મ શરીર ઊર્ધ્વમાં જાય ત્યારે તેનું સ્થૂલ શરીર અહીં પૃથ્વી ઉપર પડ્યું રહે છે. લગભગ મૃતઃપ્રાય સ્થિતિમાં તે વારંવાર ઊર્ધ્વલોકમાં જવા લાગ્યો. તેના પરિણામે તેને ઘણી સૂક્ષ્મ શક્તિઓ પણ પ્રાપ્ત થઈ. પછી તો ત્યાં જવા માટે તેને પેલા દિવ્ય પુરુષના લેવા આવવાની પણ જરૂર ન રહી. તે પોતાની મેળે જ શરીરમાંથી બહાર નીકળીને દિવ્યલોકમાં જવા લાગ્યો ને એ સૂક્ષ્મ જગતોમાં ફરવા લાગ્યો. પોતાને મળેલી અસાધારણ શક્તિઓથી તે ઘણી ચમત્કૃતિઓ પણ સર્જવા લાગ્યો. પં. ગોપીનાથ કવિરાજ તેના સંપર્કમાં આવ્યા હતા ને આ શક્તિથી પરિચિત હતા.

જ્યારે મા વારાણસીમાં આવ્યાં ત્યારે ગોપીનાથજી કેદારને મા પાસે લઈ આવ્યા ને કહ્યું, "મા, આ કેદારે કોઈ જ સાધના કરી નથી. પણ શરીરની બહાર નીકળવાની ને સૂક્ષ્મ જગતમાં જવાની શક્તિ આટલી નાના ઉંમરમાં પ્રાપ્ત કરી છે."

માએ કેદારને ધ્યાનથી જોયો ને પછી ઘણીબધી વાતો કરી.

કેદારને મા સાથે આત્મીયતાનો અનુભવ થતાં કહ્યું : "મા, તમેય આ શરીર અહીં મૂકીને મારી સાથે ઊર્ધ્વમાં ચાલો. ખૂબ મજા આવશે."

"જો કેદાર, પૃથ્વી ઉપર આ શરીરને છોડી ઊર્ધ્વલોકમાં જવાની જરૂર નથી. મારે જ્યાં જે લોકમાં જવું હોય ત્યાં જઈ શકું છું. તારે જવું હોય ત્યાં જા. ત્યાં મારું સ્મરણ કરીશ તો મને ત્યાં પણ મળી શકીશ."

કેદાર તો આશ્ચર્યથી માને જોઈ જ રહ્યો. શું કોઈ પોતાના સ્થૂલ શરીર સાથે ઊર્ધ્વલોકમાં આવી શકે ? એ તો અશક્ય જ હતું. માની વાત માન્યામાં ન આવી. છતાં માએ કહ્યું છે કે હું તને ત્યાં મળીશ. એટલે જ્યારે તે પોતાના સ્થૂલ શરીરને છોડીને ઊર્ધ્વમાં ગયો ત્યારે તેણે માની વાત યાદ રાખીને તે પ્રમાણે કર્યું.

બીજે દિવસે ત્યાં થયેલી અનુભૂતિની વાત માને કરતાં કહ્યું : "મા, ગઈ રાત્રે હું બ્રહ્માંડમાં ઘૂમી વળ્યો. અને જ્યાં જ્યાં આપનું સ્મરણ કર્યું ત્યાં ત્યાં સાચે જ મને આપનાં દર્શન થયાં. એટલું જ નહીં, અહીં આપ જે રીતે મારી સાથે વાત કરો છો તે રીતે ત્યાં પણ મારા પ્રશ્નોના જવાબોય આપ્યા. આ અનુભવ મને ન થયો હોત તો હું માની જ ન શકત કે આપની ઇચ્છાથી સમગ્ર બ્રહ્માંડમાં પરિભ્રમણ કરી શકો છો. સ્થળ ને કાળનાં કોઈ જ બંધન આપને સ્પર્શતાં નથી. ખરેખર મહાન આશ્ચર્યની વાત છે એ તો !"

કેદારની વાત સાંભળી મા હસવા લાગ્યાં. પછી એમણે એવી વાતો કરી કે માની સર્વવ્યાપકતાનો ભાવ કેદારના મનમાંથી ભૂંસાઈ ગયો !

એ જ તો માની કરામત હતી ને !







## રાજામાંથી યોગી

તે સમયે મા દહેરાદૂનથી લગભગ ચાર માઇલ દૂર આવેલી સલોગ્રાની ગુફામાં રહેતાં હતાં. મા સાથે જ્યોતિષબાબુ અને એક ભક્ત-શિષ્ય હંસદત્ત તિવારી હતા. બંને પાસેના મંદિરમાં રહેતા હતા. આ ગુફા તો એટલી સાંકડી હતી કે એમાં એક માણસ પણ સરખી રીતે સૂઈ ન શકે. અને નીચી પણ એટલી હતી કે માથું નીચું ઢાળીને સંભાળથી ચાલવું પડે. મા તો એકાંત સાધનામાં ત્યારે મગ્ન હતાં એટલે એમને તો અગવડ-સગવડ જેવું કશું ય હતું જ નહીં. હિમાચલ પ્રદેશમાં આવેલા સોલનના રાજા દુર્ગાસિંહજી સિમલાથી પાછા આવતા હતા ને રસ્તામાં ભયાનક વરસાદ નડ્યો. ચારે બાજુ પાણીથી ભરેલી આ ગુફા પાસેથી તેઓ પસાર થયા. મનમાં વિચાર આવ્યો કે આટલામાં જ કોઈ ગુફામાં મા આનંદમયી રહે છે. તો આવા વરસાદમાં તેઓ કેવી રીતે રહેતાં હશે ? તેમણે મા વિશે સાંભળ્યું હતું, પણ પ્રત્યક્ષ દર્શન નહોતાં કર્યાં. તેઓ વરસાદમાં પણ એ ગુફા પાસે આવ્યા ને બહાર ઊભા રહીને ગુફાની અંદર દૃષ્ટિ કરી. ગુફામાં ચારે બાજુ પાણી ખળખળ કરતાં વહી રહ્યાં છે. એક ઊંચા ઓટલા જેવી થોડી જગ્યા છે ત્યાં મા બેઠાં છે, જ્યોતિષબાબુ ને હરદત્ત ઊભા છે. માની સામે એક વાસણમાં દેવતા સળગાવેલો છે.

'અરેરે, મા આનંદમયી આવી સ્થિતિમાં !?' રાજા દુર્ગાસિંહના મનમાં ચચરાટ થઈ ગયો. માનાં તપ, ત્યાગ, સાધના, સમાધિની ઘણી વાતો સાંભળી હતી. પણ આજે નજરે નિહાળીને તો સ્તબ્ધ બની ગયા ! અહીં હવે કંઈક સગવડ કરવી જરૂરી છે એમ વિચારતા તેઓ ગુફામાં અંદર ગયા વગર જ પાછા ફરવાનું વિચારી રહ્યા હતા, ત્યાં તેમના પર માની દૃષ્ટિ પડી. માએ અંદર બોલાવ્યા ! આથી શિષ્ટાચાર ખાતર પણ ગુફામાં વાંકા વળીને ચાલતા પણ ગયા. સામે ઓટલા પર થોડી કોરી જગ્યા હતી, માએ ત્યાં બેસાડ્યા ને મા તો ખડખડાટ હસી પડ્યાં. આવા વરસતા વરસાદમાં, આવી એકાકી નિર્જન ગુફામાં, જ્યાં મનુષ્યનો સંચાર જ અસંભવ છે, ત્યાં સોલનના મહારાજા ખુદ આવી પહોંચ્યા ! હવે મહારાજાનેય જણાવા લાગ્યું કે ખરેખર એમ ને એમ તો અહીં નથી જ આવ્યા. કોઈ અહીં સુધી લઈ આવ્યું

છે. એ લાવનાર અદૃશ્ય શક્તિ હવે તેમની સામે મૂર્તિમંત સ્વરૂપે વિરાજી રહી છે. માના પ્રથમ દર્શને જ આવી અનુભૂતિ થઈ. બહાર વરસાદ અવિરત ચાલુ હતો. ગુફાની અંદર મહાશક્તિની સામે હાથ જોડી વિનમ્રભાવે આ રાજવી જાણે કે માતા દુર્ગાના સિંહ હોય એમ વિનીતભાવે બેસી રહ્યા હતા.

ધીમે ધીમે માના મુખમાંથી વાણી નીકળવા લાગી. મહારાજા એકાગ્રતાપૂર્વક માની આ જ્ઞાનવાણીને સાંભળતાં રહ્યા. આ વાણી સાંભળતા ગયા તેમ તેમ અંતરમાં અજવાળું પથરાવા લાગ્યું. તેમના અસ્તિત્વમાં એક આનંદ પથરાવા લાગ્યો. પાછાં જતી વખતે સોલનના રાજમહેલમાં આવવાનું માને ભાવપૂર્વક ને ભારપૂર્વક આમંત્રણ આપ્યું. જ્યારે તેઓ સોલન પાછા જવા નીકળ્યા ત્યારે તેમના ચિત્તની સ્થિતિમાં ભારે પરિવર્તન અનુભવી રહ્યા હતા.

ઘેર જઈને માતા, પત્નીને માની મુલાકાતની વાત કરી તો તેઓ બંને પણ માનાં દર્શન માટે ઉત્સુક બની ગયાં. પરંતુ માની આજ્ઞા વગર તેમને મા પાસે લઈ જવાનું મહારાજાને ઉચિત ન જણાતાં, બીજે દિવસે એકલા જ મા પાસે આવી પહોંચ્યા. માએ પ્રેમપૂર્વક આવકાર્યા અને જ્ઞાનની વાતો કરી. પછી દુર્ગાસિંહજીએ માતા ને પત્નીની ઇચ્છા દર્શાવી દર્શન માટેની અનુજ્ઞા માગી. તો માએ કહ્યું : ''હું સોલનના રાજમહેલમાં આવીશ'' – આથી મહારાજા ખૂબ જ ખુશ થઈ ગયા. પછી ટેનિસ કોર્ટ પર મા માટે સુંદર મંડપ તૈયાર કરાવ્યો. મા રાજમહેલના આંગણામાં આવીને ઊભાં રહ્યાં ત્યારે સમગ્ર રાજપરિવારે માનું ભવ્ય સ્વાગત કર્યું. પછી મા માટે સજાવેલ મંડપમાં માને લઈ આવ્યા. ત્યાં મંચ પર સિંહાસન પર માને બિરાજમાન કર્યાં. રાજમાતા, રાણી અને મહારાજાએ માની પૂજા કરી. ત્યાં મંડપમાં રાજપરિવારની સાથે સોલનના નગરજનો પણ આવ્યાં હતાં. માનાં દર્શન અને સત્સંગનો સહુને લાભ મળ્યો. જ્યાં માનાં પ્રથમ ચરણો પડ્યાં એ ટેનિસ કોર્ટને દુર્ગાસિંહજીએ પછી માના આશ્રમમાં ફેરવી નાખ્યું. ઘણીવાર પછી આ આશ્રમમાં આવી મા રહેતાં પણ ખરાં. માના સાન્નિધ્યમાં દુર્ગાસિંહજીનું અંતર વધુ ને વધુ નિર્મલ ને પ્રકાશિત થવા લાગ્યું. રાજા હોવા છતાં રાજા જનકની જેમ અનાસક્ત રહી સર્વકાર્યો કરવા લાગ્યા. એક દિવસ માએ 'યોગીરાજ' કહીને ઉદ્‌બોધ્યાં. ત્યારથી દુર્ગાસિંહજી માતૃપરિવાર માટે યોગીભાઈ બની ગયા. આમ, રાજ્યવહીવટની સાથે સાથે તેમની યોગસાધના પણ માની કૃપાથી ચાલતી રહી ને ઘણી જ ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિએ તેઓ પહોંચી ગયા.





## 'મને નિર્વિકલ્પ સમાધિ થાય ખરી ?'

રાજપરિવારનો ઊંડો ભક્તિભાવ માને અવારનવાર સોલન ખેંચી લાવતો. મા સોલનમાં હોય ત્યારે રાજમાતા અને રાણી પણ માની સેવામાં હાજર રહેતાં. રાજા દુર્ગાસિંહજી તો મા બહારગામ હોય ત્યારે પણ માનાં દર્શન કરવા જઈ શકતા. ત્યાં માનું સાન્નિધ્ય અને સત્સંગ પ્રાપ્ત કરી શકતા. પણ રાજમાતા ને રાણી એ રીતે બહારગામ જઈ શકતાં નહીં. તેથી જ મા સોલનમાં હોય ત્યારે જેટલો વધુ વખત સાન્નિધ્યમાં રહી શકાય તેટલો વખત રહેવા પ્રયત્ન કરતાં. પોતાની મૂંઝવણ-મુશ્કેલીઓ મા આગળ રજૂ કરી તેમાંથી મુક્ત થવાનો માર્ગ મેળવતાં. માની કૃપાને પરિણામે રાજમાતા સાધનામાં ઝડપથી આગળ વધી રહ્યાં હતાં. અનેક પ્રકારની ઉચ્ચ આધ્યાત્મિક અનુભૂતિઓ પણ થતી રહેતી, પણ હજુ તેમને નિર્વિકલ્પ સમાધિની અનુભૂતિ થઈ ન હતી. આથી એક વખત કહ્યું :

''મા, મને અંદરથી એવું થયા કરે છે કે મને નિર્વિકલ્પ સમાધિનો અનુભવ થાય. પણ શું મને એવી સમાધિ પ્રાપ્ત થશે ખરી ?''

''કેમ નહીં ? જરૂર થાય.'' માએ કહ્યું. આથી હવે રાજમાતાને ખાતરી મળી કે માએ કહ્યું છે તો એ અનુભવ જરૂર થશે.

ત્યાં તો માએ ફરીથી કહ્યું : ''જુઓ, તમારું શરીર વૃદ્ધ થયું છે એટલે એમ નહીં માનવાનું કે શરીરથી કંઈ નહીં થાય. સમય આવશે ને 'એ'ની કૃપા થશે ત્યારે બધું ય ઠીક થઈ જશે.''

આમ શરીરનું વૃદ્ધત્વ એ આધ્યાત્મિક અનુભવોમાં બિલકુલ બાધક નથી તે માએ જણાવી દીધું. તેથી રાજમાતાનો વિશ્વાસ વધુ દૃઢ બન્યો. પણ શરીર તો શરીર જ હતું ને વૃદ્ધ પણ હતું. તેમનાથી પલાંઠી વાળીને ટટ્ટાર બેસી શકાતું પણ નહોતું. આ વિશે એક દિવસ માને કહ્યું પણ ખરું : ''મા, આપે પદ્માસનમાં બેસવાનો પ્રયત્ન કરવા કહ્યું છે, પણ મારાથી તો પલાંઠી પણ વાળી શકાતી નથી. કમ્મરમાં ખૂબ દર્દ થવા લાગે છે; ને ટટ્ટાર તો બેસી શકતી જ નથી.''

''અરે, ન કેમ બેસાય ? તમે પ્રયત્ન તો કરો !'' એમ કહી રાજમાતાની પીઠ ઉપર હાથ મૂક્યો. પછી કંઈ ન બોલ્યાં. સાંજે ઘેર આવીને રાજમાતા નિયમ પ્રમાણે

સંધ્યાપૂજા કરવા બેઠાં. માની સૂચના પ્રમાણે ટટ્ટાર બેસવાનો પ્રયત્ન કર્યો તો બેસી શકાયું ને કમ્મરમાં બિલકુલ દર્દ ન થયું. પછી તો પ્રયત્ન કરતાં કરતાં પદ્માસનમાં પણ બેસી શક્યાં. તેમનું મન એકાગ્ર થવા લાગ્યું. શ્વાસ સ્થિર થવા લાગ્યો.

બાહ્ય ભાન લુપ્ત થઈ તેમનું સમગ્ર અસ્તિત્વ પરમ આનંદના મહાસાગરમાં લીન થઈ જવા લાગ્યું. આ અનુભૂતિ વધતી જ ચાલી અને આખરે માની કૃપાથી નિર્વિકલ્પ સમાધિનો પણ અનુભવ થયો.

રાજમહેલના વૈભવોની વચ્ચે પણ માની કૃપાથી જીવનમુક્ત બની ભગવદ્‌મય જીવન જીવવા લાગ્યાં.

> **ઘણા સમય સુધી તમે સાંસારિક બાબતો સમ્બન્ધમાં વિચારો કર્યા કર્યા છે. હવે અમરતાની દિશામાં તમારું મન વાળો. જુઓ, ધીરે ધીરે તમારો પંથ તમારે માટે પ્રકાશિત થતો જશે. અને સાથોસાથ સાંસારિક પદાર્થો સમ્બન્ધી વિચારો પણ તમને છોડી દેશે. અદૃશ્ય થવાનું જ એનું નસીબ છે. ધીરે ધીરે અજ્ઞાનનો પડદો પણ ચિરાઈ જશે. 'તે' એક જ અને અમર છે. જે પ્રવાહી પરિર્વતનશીલ છે તેનો નાશ થવો જ જોઈએ.**
>
> **– 'શ્રી શ્રી મા'**





## 'ભગવાન કરેંગે !'

અમદાવાદના કાંતિભાઈ મુન્શા અને તેમનાં પત્ની કુંદનબહેન દહેરાદૂન ગયાં હતાં. ત્યાં તેમણે માનાં દર્શન કર્યાં. માના સત્સંગનો ઘણો જ ઊંડો પ્રભાવ પડ્યો. અમદાવાદમાં પોતાને ત્યાં આવવાનું આમંત્રણ પણ આપ્યું. એ સ્વીકારી મા ગુજરાતમાં આવ્યાં ત્યારે એમના પાલડી વિસ્તારના 'આનંદ' બંગલે ગયાં. પછી તો કાંતિભાઈએ બંગલામાં જ મા માટે નવું નક્કોર નિવાસસ્થાન બનાવ્યું. મા અમદાવાદ આવતાં ત્યારે ત્યાં જ રહેતાં. ને ત્યાં જ માના સત્સંગો ને ઉત્સવો પણ ચાલતા રહેતા. કાંતિભાઈને ઘનિષ્ઠ પરિચય થવા લાગ્યો તેમ તેમ માના દિવ્યસ્વરૂપની અનુભૂતિઓ થવા લાગી.

પછી તો એ અનુભૂતિઓએ ખાતરી કરાવી આપી કે મા જ અંબાભવાની માતા છે. તેથી મા ઉપરની શ્રદ્ધા ઉત્તરોત્તર દૃઢ બનતી ગઈ. પણ પછી તો જો મા ગુજરાતમાં આવવાનાં ન હોય તો, પોતે સત્સંગ માટે મા હોય ત્યાં પહોંચી જતા.

તે વખતે તેઓ માનાં દર્શન માટે કનખલ આશ્રમમાં ગયા હતા. માનાં દર્શન અને સત્સંગ પછી તેઓ એક સાધુ મહાત્મા સાથે ચાલતાં ચાલતાં કનખલથી હરદ્વાર જઈ રહ્યા હતા. કોઈ સાધુની પર્ણકુટિ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યાં કંઈ વિચિત્ર પ્રકારનો અવાજ સાંભળ્યો. અવાજની દિશામાં ગયા તો પર્ણકુટિમાંથી જ અવાજ આવી રહ્યો હતો. તેથી તેમણે અંદર જઈ જોયું તો એક વૃદ્ધ સાધુના અંતિમ શ્વાસ ચાલી રહ્યા હતા ને તેની જીભ ભગવાનના નામનું રટણ કરી રહી હતી. આ રટણ કરતાં કરતાં જ તેમના શ્વાસ થંભી ગયા ને શરીરમાંથી પ્રાણ નીકળી ગયા. કાંતિભાઈની હાજરીમાં જ થોડી ક્ષણમાં આ બની ગયું. તેઓ વિચારી રહ્યા કે આ તે કેવું સહજ મૃત્યુ !

છેક સુધી ભગવાનના નામનું રટણ ને સાવ સહેલાઈથી દેહત્યાગ.

મૃત્યુ તો ખરેખર આવું હોવું જોઈએ તેમ તેમને થયું.

હવે હરદ્વાર તરફ ન જતાં કનખલ પાછા ફર્યા. માને પ્રણામ કરીને સઘળી હકીકત જણાવી ને પછી પોતાની ઇચ્છા પણ વ્યક્ત કરી દીધી : ''મા, મારી પણ એવી ઇચ્છા છે કે મારા અંતિમ સમયે મારી જીભ પર ભગવાનનું નામ હોય ને બાજુમાં કોઈ સંત ઊભા હોય. મારી આ ઇચ્છા જરૂર પૂરી કરજો.''

ત્યારે તો માએ તેમને એટલું જ કહ્યું : "કાંતિભાઈ, ભગવાન કરેંગે !" પછી તો એ ઓરડામાં ચુપકિદી છવાઈ ગઈ.

કોઈ કંઈ જ બોલ્યું નહીં. પણ કાંતિભાઈના હૃદયમાં શાંતિ થઈ ગઈ કે માએ તેમની ઈચ્છાની નોંધ જરૂર લીધી છે, એટલે એમ જ થશે. હવે ચિંતા કરવાની કોઈ જરૂર નથી.

પછી તો કાંતિભાઈ પોતાની અનેક પ્રવૃત્તિઓમાં પરોવાઈ ગયા.

> **નામ અને નામી એક જ છે. કારણ કે, તે પોતે જ નામરૂપે દેખાય છે. 'અક્ષર' ખરેખર ઈશ્વરની પોતાની વેશભૂષા છે. જ્યારે કોઈ નામ-રટણ કરે છે, ત્યારે તે જીવંત થાય છે. બીજ વાવ્યા પછી તેમાંથી જેવી રીતે વૃક્ષ ઊગી નીકળે તેવું આ છે. કોઈ ખાસ મનુષ્યને જે કોઈ નામ અપીલ કરતું હોય, તેને વારંવાર રટ્યા કરવાથી તે મનુષ્યને એવો સાક્ષાત્કાર થઈ જાય છે કે, બધાં નામો 'તેનાં' જ નામો છે, બધાં રૂપો 'તેનાં' જ રૂપો છે. અને વળી ધીરે ધીરે એ પણ પ્રકાશ લાધે છે કે એને કોઈ નામ પણ નથી અને રૂપ પણ નથી.**
>
> **– 'શ્રી શ્રી મા'**





# ઈચ્છા પૂરી થઈ

કાંતિભાઈ મુન્શાનો કારોબાર ઘણો મોટો હતો. બે બે કાપડની મીલોનો વહીવટ કરવાનો હતો. એ ઉપરાંત પણ આર્થિક ને સામાજિક પ્રવૃત્તિઓનો પથારો પણ મોટો હતો. આ બધામાં ક્યાંય કાપ મૂકી શકાય તેમ ન હતું. છતાં મા પાસે જવાની તક મળે, માનો સત્સંગ મળે તો તે પ્રાપ્ત કરવાનું ચૂકતા નહીં.

ધંધાકીય કામ અંગે તેમને દિલ્હી જવાનું થયું. મા તે વખતે દિલ્હી આશ્રમમાં હતાં. ત્યાં માનાં દર્શન કર્યાં ને મા સાથે સત્સંગ પણ કર્યો.

વાતચીત દરમિયાન કહ્યું :

"કાંતિભાઈ, પાંચ સાલ કે ભીતર કારોબાર ઠીકઠાક કર લો; સમેટ ભી લો. અબ આગે મત બઢાઓ."

કાંતિભાઈએ માને કહ્યું : "હવે એ રીતે કરવાનો પ્રયત્ન કરીશ." પણ તેઓ માના આ વાક્યની પાછળનો ગૂઢાર્થ સમજી શક્યા નહીં. માએ આપેલો આ સમયગાળો છે. એ દરમિયાનમાં બધું સમેટી લેવાનું છે, એ ઈંગિત સમજી શક્યા નહીં. પ્રવૃત્તિઓના અવિરત ચાલતા ચક્રમાંથી નિવૃત્ત થઈ શક્યા નહીં. જોતજોતામાં તો ચાર વરસનાં વહાણાં વહી ગયાં, ને પાંચમા વરસની સવારી આવી પહોંચી.

તેઓ રોટરીની ગુજરાત શાખાના ગવર્નર બન્યા ને અમેરિકામાં બધા ગવર્નરોની કોન્ફરન્સમાં ચાર દિવસ તો ખૂબ જ વ્યસ્ત રહ્યા. પણ પાંચમે દિવસે અચાનક તબિયત બગડી. આખું શરીર ભૂરું થઈ ગયું. તેથી ત્યાંની હૉસ્પિટલમાં દાખલ કરવા પડ્યા. સમયસરની પૂરતી સારવારને લીધે પ્રાણઘાતક બીમારીમાંથી સાજા થઈ ગયા ને હેમખેમ અમદાવાદ પહોંચી શક્યા. તેમને સતત એવી પ્રતીતિ થતી રહી હતી કે માની કૃપાને કારણે વિદેશમાં મરતાં બચી ગયા. અમદાવાદ આવ્યા પછી મા પાસે દહેરાદૂન ગયા ને થોડો સમય માના સાન્નિધ્યમાં રહ્યા. મા પાસે ખૂબ શાંતિ ને આરામ મળ્યાં.

ત્યાંથી અમદાવાદ પાછાં ફરતાં રંગ અવધૂતજી પણ સાથે થઈ ગયા. બધાં અજમેર સુધી સાથે રહ્યાં ને અવધૂતજી અજમેર ઊતરી ગયા. તેમણે કહ્યું : "અજમેરનું કામ પતાવી અમદાવાદ આવીશ ને ત્યાંથી ઉત્કંઠેશ્વર જઈશ."

મુન્શા દંપતી અમદાવાદ આવી પહોંચ્યાં. તેના બે દિવસ બાદ અવધૂતજી પણ ત્યાં આવ્યા ને ઉત્કંઠેશ્વર જવાની વ્યવસ્થા કાંતિભાઈએ કરાવી આપી. તેઓ ઉત્કંઠેશ્વર પહોંચી ગયા ને કાંતિભાઈ પોતાના ધંધાકીય કામ માટે ઈન્દોર ગયા.

ઉત્કંઠેશ્વરમાં રંગઅવધૂતજીને એવું પૂર્વદર્શન થયું કે કાંતિભાઈ ઉપર કોઈ જીવલેણ રોગનો હુમલો થવાનો છે. એટલે ત્યાંથી તુરત જ એક ચિઠ્ઠી કાંતિભાઈ ઉપર મોકલી. તેમાં લખ્યું :

''કશામાં લોભાશો નહીં. કાળ પ્રબળ છે. તે દવારૂપે આવશે, હવારૂપે આવશે, મિત્રરૂપે આવશે. સાચવશો તો ઈશ્વરદર્શન થશે.''

આ ચિઠ્ઠી લઈને માણસ કાંતિભાઈને ઘેર આવ્યો. પણ તેઓ હાજર ન હોવાથી, એ ચિઠ્ઠી તેમનાં પત્ની અને પુત્રને મળી. તેમણે વાંચી, પણ કંઈ સમજી શક્યા નહીં. તે રાત્રે કાંતિભાઈ ઈન્દોરથી પાછા આવ્યા ને ચિઠ્ઠી વાંચી ત્યારે સંકેત સમજીને મૌન થઈ ગયા. તેમને હવે સ્પષ્ટ સમજાઈ ગયું કે આ લોકને અલવિદા કરવાનો સમય હવે આવી પહોંચ્યો છે. તેનો અનુભવ ઈન્દોરમાં જ થઈ ગયો હતો. ઈન્દોરમાં તબિયત ખૂબ જ બગડી ગઈ. પણ માની કૃપાથી રસ્તામાં કંઈ ન થયું. સહીસલામત ઘેર આવી પહોંચ્યા. હવે તેમને માનું સ્મરણ સતત થવા લાગ્યું. શરીરમાં બેચેની પણ વધતી જતી હતી. છાતીમાં અસહ્ય મૂંઝારો થવા લાગ્યો. શ્વાસમાં અપાર તકલીફ પડવા લાગી. ગભરામણ વધી ગઈ. ડૉક્ટરો આવ્યા. નિદાન થયું હૃદયરોગનું. એ દિવસ તો એમ જ પસાર થયો. બીજે દિવસે ગભરામણ વધી ગઈ. નિષ્ણાત ડૉક્ટરોને બોલાવ્યા. સારવાર ચાલુ રહી. એ સમયે અગિયાર વાગે રંગઅવધૂતજી ત્યાં આવી પહોંચ્યા. ઉત્કંઠેશ્વરમાં સૂક્ષ્મમાં કાંતિભાઈની જીવલેણ માંદગી જોઈ અને અંતઃપ્રેરણાથી તેઓ કાંતિભાઈ પાસે આવી પહોંચ્યા.

તે સમયે ઉપર નિષ્ણાત ડૉક્ટરોની સારવાર ચાલુ હતી. સાંજના ચાર વાગ્યા સુધી રંગઅવધૂતજી નીચે જ બેસી રહ્યા. પણ ચાર વાગે તેઓ કાંતિભાઈના ઓરડામાં ઉપર ગયા. જઈને ઊભા રહ્યા.

આ સમયે પણ કાંતિભાઈ સજાગ હતા. અવધૂતજીને આવેલા જોઈ મુખ ઉપર સ્મિત ફરકી રહ્યું. તેમણે એ સ્મિતથી જ આવકાર્યા.

અવધૂતજીએ આશીર્વાદ આપ્યા અને ત્યાં જ ઊભા રહ્યા.

કાંતિભાઈ શ્વાસ લેવા મથી રહ્યા હતા, પણ તેમના હોઠ પર 'મા...મા'નું રટણ ચાલુ હતું. હોઠ પર માનું નામ અને સામે ઊભેલા અવધૂતજી જેવા સમર્થ સંત આ જ તો અંતિમ વેળા હતી. મા પાસે જે રીતની વિદાય માગી હતી એ જ માએ ગોઠવી આપ્યું હતું. માનું રટણ કરતાં કરતાં એ પરમ સંતની ઉપસ્થિતિમાં કાંતિભાઈના આત્માએ દેહનું પિંજર છોડી દીધું.



તે વખતે ત્યાં કનખલમાં માનો સત્સંગ ચાલતો હતો. અમદાવાદના એક ન્યાયાધીશ પણ ત્યાં બેઠા હતા. અહીં કાંતિભાઈએ જેવા પ્રાણત્યાગ કર્યા કે ત્યાં માએ ન્યાયાધીશને કહ્યું : ''કાંતિભાઈકા અબ હો ગયા. અબ અમદાવાદસે જો ભી ખબર આયે તુરંત બતાના.''

આમ કહીને તેમણે બધાંને ઓરડામાંથી બહાર જવા કહ્યું. મા અને દીદી બે જ ઓરડામાં રહ્યાં. માએ ન્યાયાધીશને જે સમયે કહ્યું તે સમય તેમણે નોંધી લીધો. અને અમદાવાદથી શું સમાચાર આવે છે તેની રાહ જોવા લાગ્યા. થોડીવારમાં અવસાનના સમાચાર મળ્યા.

સમાચાર અપાયા ત્યારે મા એટલું જ બોલ્યા : ''ભગવાન કા કામ.''

પણ મૃત્યુ સમયે માના નામનું રટણ ને સંતની હાજરી એ બંને માએ જ એમની ઈચ્છા પૂરી કરવા ગોઠવી આપ્યાં હતાં.

પછી કુંદનબહેનને આશ્વાસન આપવા મા અમદાવાદ આવ્યાં ત્યારે કાંતિભાઈના મૃત્યુ વિશે વાત કરતાં જણાવ્યું હતું : ''કાંતિભાઈનું મૃત્યુ ઈન્દોરથી પાછાં વળતાં રસ્તામાં જ થવાનું હતું. પણ જો એ રીતે થયું હોત તો તેમનાં શરીરનું પોસ્ટમોર્ટમ થાત ને શરીર ચૂંથાત. એવું જોઈને કુંદનબહેન જીવી ન શકત. આ દુર્ઘટનાને ટાળવા હું કાંતિભાઈને ઈન્દોરથી અહીં ખેંચી લાવી અને ઘેર પહોંચાડ્યા. અહીં આવ્યા પછી શરીર છૂટી ગયું. તેઓ સાચા ભક્ત હતા. તેથી ઈન્દોરની માંદગીમાંથી બચી શક્યા અને અહીં પણ આવી શક્યા.''

માની કૃપા જોઈને બધાં ગદ્‌ગદિત થઈ ગયાં.

પરિવારજનોને એ પણ સમજાઈ ગયું કે અવધૂતજીની હાજરી એ પણ માની કૃપાનું જ પરિણામ હતું.

અવધૂતજીએ પણ આ અનુભવની વાત કરતાં પાછળથી જણાવ્યું હતું : ''ઉત્કંઠેશ્વરમાં સાયંકાળે સંધ્યા કરતી વખતે મેં કાંતિભાઈનું મૃત્યુ સ્પષ્ટ જોયું હતું. યમરાજ એમને બે જ દિવસમાં લઈ જશે એવું મને સ્પષ્ટ દેખાયું હતું. આથી તેમને સાવચેત રહેવા મેં અંગ્રેજીમાં કાગળ લખ્યો અને તેમના અવસાન સમયે એ માટે જ હાજર થયો. અંતિમ ક્ષણોમાં પાસે ઊભો ઊભો નિરીક્ષણ કરતો હતો કે કાંતિભાઈના મૃત્યુને ટાળવા માટે મા સ્વયં શું કરે છે તે જોઉં. મેં કેટલીયે વાર મારી દૃષ્ટિ બારી તરફ ફેરવી હતી કે મા યમદૂતોને આવતા રોકે. પણ માએ ભવિતવ્યતામાં ફેરફાર કરવાનું યોગ્ય ન ગણ્યું. તેથી યમદૂતો આવ્યા ને કાંતિભાઈને ઉપાડી ગયા.''

પણ માની કૃપાથી કાંતિભાઈનું મૃત્યુ પણ તેમના જીવન જેવું જ મંગલમય ને ઉજ્જવલ બની ગયું.



# 'એકવાર એમનાં દર્શન કરી આવો !'

"પંડિતજી, તમે સાંભળ્યું તો હશે જ કે ઢાકાનાં આનંદમયી મા અહીં આવ્યાં છે અને કુંજમોહન ઉપાધ્યાયને ત્યાં ઊતર્યાં છે. હું દર્શને ગયો હતો. સાચે જ મેં તો જીવનમાં પહેલી વાર આવી સમાધિની સ્થિતિ જોઈ. આવું દૈવી સ્વરૂપ મેં બીજા કોઈનું ય જોયું નથી."

મહામહોપાધ્યાય પદ્મનાભ વિદ્યાવિનોદે બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયના વિદ્વાન આચાર્ય પંડિત ગોપીનાથ કવિરાજને મા વિશેની એક પરિચય-પુસ્તિકા આપતાં કહ્યું.

પંડિતજી તો પદ્મનાભ વિદ્યાવિનોદને આશ્ચર્યથી સાંભળી રહ્યા. તેમના મુખે હંમેશાં બીજાની ટીકાઓ જ અત્યાર સુધી સાંભળી હતી. જેમને કોઈનામાં કદી કંઈ સારું દેખાતું નહોતું એવી વ્યક્તિ મા આનંદમયીની આટલી પ્રશંસા કરે છે. આથી તેમનામાં કંઈક અસાધારણ તત્ત્વ જરૂર હોવું જોઈએ એમ તેઓ વિચારી રહ્યા. ત્યાં તો પદ્મનાભે આગળ કહ્યું : "કુંજમોહનબાબુના પુત્રને તો માએ સર્પદંશમાંથી ઉગારી લીધો હતો. એ વાત તેમણે આ પરિચય પુસ્તિકામાં લખી છે એ તો ઠીક પણ મા સમાધિમાં હોય છે ત્યારે તેમનામાં અદ્ભુત દિવ્યતા પ્રગટે છે. એકવાર આ સ્વરૂપનાં દર્શન જરૂર કરી આવજો." આમ ભારપૂર્વક કહી પદ્મનાભ તો ગયા અને પં. ગોપીનાથના અંતરમાં દિવ્ય સમાધિવાળી આવી વ્યક્તિનાં દર્શન કરવાની જિજ્ઞાસા જગાડતા ગયા.

આમ તો પંડિત ગોપીનાથ કવિરાજ પ્રકાંડ પંડિત હતા. ભાષા, દર્શન, સાહિત્ય, તંત્ર, ઇતિહાસ, ધર્મ, યોગ – આ બધામાં તેમની વિદ્વત્તાની તોલે કોઈ આવી શકે તેમ નહોતું. તેમની વિદ્વત્તાની કદરરૂપે બનારસ, કલકત્તા અને અલ્હાબાદની યુનિવર્સિટીઓએ માનદ્ ડી. લિટ. (ડૉક્ટર ઑફ લિટરેચર)ની પદવી એનાયત કરી હતી. ભારત સરકારે પણ બહુશ્રુત વિદ્વતાની કદરરૂપે 'પદ્મવિભૂષણ'થી નવાજ્યા હતા. બંગાળી, હિન્દી, સંસ્કૃત અને અંગ્રેજીના સિદ્ધહસ્ત લેખક પણ હતા. આવી સર્વતોમુખી પ્રતિભા ધરાવતી વ્યક્તિએ પદ્મનાભની વાત સાંભળીને જિજ્ઞાસા ખાતર પણ માનાં દર્શને જવાનું નક્કી કર્યું. તે જ દિવસે સાંજે કુંજબાબુને ત્યાં પહોંચી ગયા.



ગોપીનાથજીનો પરિચય ભોળાનાથ સાથે કરાવવામાં આવ્યો. પછી ભોળાનાથ તેમને મા પાસે લઈ આવ્યા. નીચે એક નાનકડી કોટડીમાં મા સમાધિસ્થ દશામાં બેઠાં હતાં. માની આજુબાજુ થોડા ભક્તો બેઠા હતા, પણ માને કશાની ખબર નહોતી. ભોળાનાથે માને સમાધિમાંથી બહાર લાવવાનો પ્રયત્ન કર્યો, પણ સફળતા ન મળી. મા સમાધિમાંથી જાગ્યાં જ નહીં. કલાકો સુધી એમ ને એમ સ્થિર ભાવમાં બેસી રહ્યાં. ગોપીનાથજી ત્રણ કલાક સુધી માની સામે બેસી રહ્યા. પણ માના ભાવપરિવર્તનમાં કોઈ ફેર પડ્યો નહીં. બાહ્ય ભાનથી તદ્દન અલિપ્ત, આંતર ચેતનામાં મગ્ન, સ્થિર એવી એ સ્થિતિનું ગોપીનાથજી સતત ત્રણ કલાક સુધી અવલોકન કરતા રહ્યા. અત્યાર સુધી આવી સમાધિ વિશે વાંચ્યું હતું. પણ ક્યારેય નજરે જોઈ ન હતી. પ્રત્યક્ષ જોઈને સ્તબ્ધ જ થઈ ગયા. પંડિત વિદ્યાવિનોદે સાચું જ કહ્યું હતું કે સમાધિમાં માનો દિવ્યભાવ અલૌકિક હોય છે. આ દિવ્યભાવે તેમના પર ઘણી ઊંડી અસર કરી. ત્રણ કલાકે ય સમાધિ ન ઊતરી એટલે બીજે દિવસે આવવાનું નક્કી કરી ચાલ્યા ગયા. પણ બધો જ વખત નજર સામે સમાધિમાં ડૂબેલું માનું એ દિવ્ય મુખ દેખાતું રહ્યું. એમની સઘળી વિદ્વત્તા, પંડિતાઈ, શાસ્ત્રોનું જ્ઞાન – આ બધાનું મૂલ્ય આ દિવ્યતા આગળ જાણે કંઈ જ ન હતું એવું જણાયું. વિદ્વતા અને પંડિતાઈનો ભાર તો ક્યારેય સવાર થયો ન હતો અને એટલે જ માની સમાધિ-સ્થિતિને સાચી રીતે સમજી શક્યા. બીજે દિવસે દર્શન માટે કુંજબાબુને ત્યાં આવી પહોંચ્યા ત્યારે મા સમાધિમાં નહોતાં તેથી માનાં પ્રત્યક્ષ દર્શન કરી શક્યાં.

પ્રથમ દર્શને જ જણાયું કે આ કોઈ સાધારણ બંગાળી માતાજી નથી, પણ જગજ્જનની છે. સમગ્ર બ્રહ્માંડ એમનું ઘર છે. ઈશ્વરીભાવમાં મગ્ન રહી ઈશ્વરની લીલા નિહાળી રહ્યાં છે. સુખ-દુઃખ, હર્ષ-શોક બધાં દ્વન્દ્વોથી પર ઈશ્વરનો આનંદ તેમનામાંથી સર્વમાં સંક્રમિત થઈ રહ્યો છે."

આવી અનુભૂતિ થતાં વિભોર બની ગયા ને માનાં ચરણોમાં પ્રણામ કર્યાં. માએ આશીર્વાદ આપ્યા ત્યારે તો એવું લાગ્યું કે જાણે મા સાથે જન્મજન્માંતરનો નાતો છે. પ્રથમ દૃષ્ટિએ જ માના દિવ્ય સ્વરૂપને ઓળખનાર જ્યોતિશ્ચંદ્ર રૉય, ડૉ. શશાંકમોહન કે નિરંજન બાબુની જેમ પંડિત ગોપીનાથ કવિરાજ પણ પછી હંમેશ માટે માના બાળક બની ગયા. પછી તો મા કાશીમાં હોય ત્યારે મા પાસે અચૂક આવવા લાગ્યા. માના સાન્નિધ્યમાં અપાર શાંતિનો અને અવર્ણનીય આનંદનો જે અનુભવ થતો તે ક્યારેય અન્યની હાજરીમાં થયો ન હતો. પંડિતજી મા સાથે સત્સંગ કરતા અને અન્ય સાથેના માના વ્યવહારને પણ સ્નેહભાવે નિહાળતા રહેતા.

એક દિવસ પંડિતજી મા પાસે હતા ત્યારે ભારત ધર્મમંડળના સ્વામી દયાનંદ મા પાસે આવ્યા. માએ પંડિતજીની બાજુમાં બેસવા ઇશારો કર્યો. તે વખતે ત્યાં ઘણાં સજ્જનો બેઠા હતા. તેમના પ્રશ્નોના મા ઉત્તરો આપી રહ્યાં હતાં. મા જે ઉત્તરો આપતાં હતાં તે સ્વામી દયાનંદ પણ એકાગ્રતાપૂર્વક સાંભળી રહ્યા હતા.

પછી ધીમેથી ગોપીનાથજીને કહ્યું : "પંડિતજી, મા આનંદમયી સ્વરૂપે જગતનું કાર્ય કરવા માટે સાક્ષાત્ દેવી અવતર્યાં છે."

"હા, સ્વામીજી, સાક્ષાત્ ભગવતી માતા આનંદમયીરૂપે આવ્યાં છે." એ પછી કોઈ કંઈ બોલ્યું નહીં.

પણ થોડીવાર પછી સ્વામીજીએ પ્રશ્નોત્તરીમાં પૂછ્યું :

"મા, આપ કોણ છો ?"

માએ સામો પ્રશ્ન કર્યો : "હું શું કહું ? તમે જે સમજો છો તે જ હું છું."

પછી સ્વામીજીએ બીજો પ્રશ્ન પૂછ્યો : "મા, આપ સમાધિમાં હો ત્યારે એ સમાધિ નિર્વિકલ્પ હોય છે કે સવિકલ્પ ?"

ઉત્તરમાં માએ કહ્યું : "આનો વિચાર હું કેમ કરી શકું ? કેમ કે, હું તો સમાધિમાં હોઉં છું. આ તો તમારો પ્રશ્ન છે કે, મારી એ સમાધિ છે કે નહીં, એ કયા પ્રકારની છે, એ બાબત તમે જ વિચાર કરો. હું શું કહું ? હું તો કંઈ ભણી નથી. હું તો ફક્ત એટલું જ કહી શકું કે હું સદા એક જ અવસ્થામાં રહું છું. સમાધિ આવવી, સમાધિ પૂરી થવી, આ પ્રકારની વાતો તમે લોકો કરો છો. મારા માટે તો બંને એક જ છે. મારી એ સ્થિતિને શું નામ આપવું તેનો નિર્ણય તમે કરો."

સ્વામીજી તો આ સાંભળીને અવાક્ જ થઈ ગયા.

મા સાધનાની સર્વોચ્ચ ભૂમિકામાં વસે છે તેની પ્રતીતિ થઈ ગઈ.

મા સાક્ષાત્ ભગવતી માતા છે એમ પંડિત ગોપીનાથજીએ થોડી ક્ષણો પહેલાં જ કહ્યું હતું તેની ખાતરી આ ઉત્તરથી મળી ગઈ.

પછી તો હવે કંઈ પૂછવાપણું જ ન રહ્યું. તેઓ ચૂપ થઈ ગયા.

પણ ત્યાં કોઈ બીજાએ માને પ્રશ્ન પૂછ્યો :

"મા, તમારી એ સ્થિતિ સ્થિતપ્રજ્ઞની તો નથી ને ?"

"એનો વિચાર પણ તમે જ કરો." માએ પૂછનારને જ કહ્યું. આ પ્રશ્ન કરનાર પણ પછી ચૂપ થઈ ગયો. જે સહજ સ્થિતિમાં છે એને તો એ સ્થિતિ કઈ છે, શા માટે છે, તેનો કંઈ વિચાર કરવાનો હોતો નથી. ને જેઓ વિચાર કરે છે તેઓ એ સ્થિતિમાં હોતા નથી.



પંડિત ગોપીનાથજી માના સઘળા ઉત્તરો શાંત ચિત્તે સાંભળી રહ્યા હતા. આ ઉત્તરોએ માના અનુભૂત જ્ઞાનનું દર્શન કરાવ્યું. મા સાથેની મુલાકાત વિશે લખ્યું છે : "મારી આ પ્રથમ મુલાકાત પછી તો મારા ચિત્તમાં માનું અદમ્ય આકર્ષણ ઉત્પન્ન થયું. મા કાશીમાં હોય ત્યારે તો સાન્નિધ્યનો લાભ લેતો. પણ પછી મા અન્ય સ્થળે હોય તોપણ માનાં દર્શન માટે જવા લાગ્યો. માએ મારા ચિત્તતંત્ર પર અદ્ભુત જાદુ કર્યું હતું. હું એમનો ભક્ત, પુત્ર, શિષ્ય, સેવક બધું જ બની ગયો."

પછી તો માનાં ચરણોમાં સંપૂર્ણ સમર્પણ કરી દીધું. આ વિશે પણ તેમણે લખ્યું છે : "માનાં ચરણોમાં મેં સંપૂર્ણ સમર્પણ કર્યું. તન અને મનથી મેં મારી વિદ્વતા, જ્ઞાન, પદ, પ્રતિષ્ઠા સર્વને માનાં ચરણોમાં મૂકી દીધાં. અને હું સાવ હળવોફૂલ થઈ ગયો. સંપૂર્ણાંશે ખાલી થઈ ગયો. મારાં એ ખાલી પાત્રને માએ પોતાના વાત્સલ્યથી, સ્નેહથી, કૃપાથી ભરી દીધું. અને મારી આ 'પ્રાપ્તિએ મને તારી દીધો. હવે તો મારે એટલું જ કહેવાનું છે : 'જય મા !'

**ચિંતાઓ શાથી જન્મે છે, તે તમે જાણો છો ? ફક્ત એટલા જ માટે કે ઈશ્વરને આપણે દૂર દૂર રહેલો ગણ્યો છે. આપણી દુર્બુદ્ધિનું પણ એ જ કારણ છે. ઈશ્વરને દૂર ધકેલી દેવો, એ તો અપુણ્ય જ કહેવાય. કહેવાનું તાત્પર્ય એ છે કે, 'તે' ખૂબ દૂર છે, એવો વિચાર પોતે જ અપુણ્ય છે.**

**– 'શ્રી શ્રી મા'**



## 'હું તો આપવા આતુર છું !'

પંડિત ગોપીનાથજીના ગુરુ હતા સ્વામી વિશુદ્ધાનંદજી. તેઓ સૂર્યવિજ્ઞાનના જ્ઞાતા હતા. અનેક પ્રકારની સિદ્ધિઓ વરેલી હતી. જગન્નાથપુરીમાં અને કાશીમાં એમ તેમના બે આશ્રમો હતા. જ્યારે જગન્નાથપુરીમાં હતા ત્યારે માએ ગોપીનાથજીને અને પોતાના પિતા બિપિનબિહારીને તેમને મળવા ખાસ 'પુરી' મોકલ્યા હતા. બંને સ્વામીજીના આશ્રમમાં જ ઊતર્યા હતા. સ્વામીજીની આધ્યાત્મિક શક્તિઓથી બિપિનબિહારી ખૂબ પ્રભાવિત થયા અને તેમણે ગોપીનાથજીને કહ્યું : "મા અને સ્વામીજી બંને મહાન આધ્યાત્મિક પ્રતિભાઓ છે. એકબીજાને મળવાથી બંનેને અત્યંત આનંદ થશે. તો બંનેની મુલાકાત જરૂર ગોઠવો."

"આપની ઇચ્છા હશે તો ગોઠવાઈ જશે." ગોપીનાથજીએ કહ્યું.

અને પછી થોડા જ સમયમાં એ ઇચ્છા ફળીભૂત થઈ.

સ્વામીજી કાશીમાં પોતાના આશ્રમમાં આવ્યા હતા અને તે સમયે મા પણ કાશીમાં હતાં.

ગોપીનાથજીએ આ તક ઝડપી લીધી. સ્વામીજીને કહ્યું :

"મા અહીં છે, અને આપ કહો તો અહીં આશ્રમમાં લઈ આવું."

સંમતિ મળતાં તેમણે માના આવવાની વ્યવસ્થા કરી. મા પોતાની મંડળી સાથે સ્વામી વિશુદ્ધાનંદજીના આશ્રમમાં આવી પહોંચ્યાં.

માની મંડળીમાં કુલ તેર વ્યક્તિઓ હતી. મોટા ભાગના બંગાળી લોકો હતા.

કેટલાક કાશ્મીરી લોકો પણ હતા.

સ્વામીજી પાસે પહોંચી, પ્રણામ કરતાં માએ કહ્યું :

"બાબા, તમારી આ દીકરી આવી ગઈ છે."

સ્વામીજીએ ઊભા થઈને માનું સ્વાગત કર્યું. તેઓ માને અંદર લઈ આવ્યા. બધા ભક્તો પણ તેમની પાછળ પાછળ અંદર ગયા. અંદરના ઓરડામાં બધાને બેસવા જાજમ પાથરી હતી. મા માટે સુંદર આસન પાથર્યું હતું. પણ ત્યાં ન બેસતાં, મા તો સ્વામીજીની સામે નીચે જ બેસી ગયાં. બધાં જાજમ પર બેઠાં. થોડી સામાન્ય વાતચીત પછી મા સાથે આવેલાં બધાં લોકો તરફ નજર કરી સ્વામીજીએ પૂછ્યું :



"બેટી, આ લોકો તો બંગાળી નથી લાગતા. ક્યાંથી આવે છે ?"

"બાબા, આપ તો જાણો છો કે બધા લોકો એક જ સ્થાનથી આવેલા છે. આ લોકો પણ ત્યાંથી જ આવ્યા છે."

સ્વામીજી સમજી ગયા કે મા મજાક કરી રહ્યાં છે. એટલે કહ્યું :

"એ વાત તો બરાબર છે. પણ જન્મ લીધા પછી બધા નાના પ્રદેશોના થઈ જાય છે."

"હા બાબા, પણ એ નાના પ્રદેશો પ એકમાંના જ નાના પ્રદેશો છે."

પછી સ્વામીજીએ માને કશું વધુ કહ્યું નહીં.

પણ માએ જ્યોતિષબાબુને કહ્યું : 'તારે સૂર્યવિજ્ઞાન વિશે જાણવું છે ને ? તો બાબાને જે પૂછવું હોય તે પૂછ.' માએ ગોપીનાથજી તરફ દૃષ્ટિ કરી તો તુરત સમજી ગયા ને એમણે જ સ્વામીજીને સૂર્યવિજ્ઞાન વિશે કહેવા માટે વિનંતિ કરી. સૂર્યવિજ્ઞાનનું રહસ્ય સમજાવતાં કહ્યું : "સમગ્ર જગતનો ઉદ્‌ભવ સૂર્યમાંથી થયો છે. આથી આપણે સૂર્ય દ્વારા સર્વ કંઈ પ્રાપ્ત કરી શકીએ." પછી તેમણે એક કાચ લીધો. સૂર્યના પ્રકાશનું કેન્દ્રીકરણ કરી તે દ્વારા અનેક પ્રકારની વસ્તુઓ ઉત્પન્ન કરી. અનેક પ્રકારનાં દૃશ્યો સર્જાયાં. જાતજાતની સુગંધો, રંગબેરંગી સુંદર ફૂલો વગેરેનું સર્જન કરી ત્યાં હાજર રહેલા સર્વને આશ્ચર્યચકિત કરી દીધા. કોઈ પણ જાતના ભૌતિક આધાર વગર ફક્ત સૂર્યકિરણોનું કેન્દ્રીકરણ કરીને સર્જાઈ રહેલી આ ભૌતિક વસ્તુઓ જોતાં સહુ દિગ્મૂઢ બની ગયાં. નજરે જોયું ન હોત તો કોઈ આ સાચું માની શકત જ નહીં. આ ચમત્કારિક શક્તિને બધા જોઈ જ રહ્યાં. ત્યાં મા બોલ્યાં : "બાબા, આ તો પ્રકૃતિની શક્તિની લીલા છે. તેથી એમ કહી શકાય કે આ પણ એક પ્રકારની માયાનો ચમત્કાર છે."

"હા, આ માયા છે. સમગ્ર વિશ્વ પણ 'માયા'ની માયા જ છે ને."

"હા બાબા, માયાની માયામાં બધાં અટવાઈ જાય છે. આપ પોતે માયા ઉપર આવરણ શા માટે ઓઢાડો છો ? માયાના આવરણને દૂર કરી દો ને ?" માએ સ્વામીજીને કહ્યું.

પછી સ્વામીજીની શક્તિઓથી અભિભૂત થઈ ગયેલા સહુને કહ્યું : "બાબાનાં ચરણ પકડી લો. એમની પાસે પરમ વસ્તુ છે. ને તેઓ માયાના આવરણથી ઢાંકી રહ્યા છે. બાબા, આવરણ દૂર કરી, આપ એ વસ્તુનું દર્શન કરાવો."

"બેટી, હું તો આપવા આતુર છું. આપવા જ આવ્યો છું. હાથ લંબાવીને ઊભો છું. પણ કોઈ લેતું નથી !"

એમ કહી ખડખડાટ હસી પડ્યા અને સાથે મા પણ હસી પડ્યાં. મા જાણી ગયાં હતાં કે સ્વામીજીએ પરમનું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું છે અને ઘણી ઊંચી અવસ્થામાં રહેલા છે. આથી સહુ શિષ્યોને ચમત્કારોમાં નહીં પણ પરમને પામવામાં સ્વામીજીનું શરણ લેવા કહ્યું.

આ જ્ઞાનચર્ચા પછી સ્વામીજીએ માને કહ્યું :

'બેટી, પિતાને ત્યાં આવી છે તો કંઈક ખાવું તો પડશે જ'.

''પણ આ લોકો મને જમાડીને લાવ્યા છે.'' માએ કહ્યું.

''તો શું તું કંઈ નહીં લે ?''

''નહીં કેમ લઉં ? હું તો નાની બાળકી છું. ને નાનાં બાળકો તો વારંવાર ખાતાં હોય છે. પણ તમારી આ દીકરી પોતાને હાથે કદી ખાતી નથી. એને કોઈકે ખવડાવવું પડે છે.''

''એમાં શું ? તો તો હું જ ખવડાવીશ.'' એમ કહીને સ્વામીજીએ થાળીમાં થોડાં ફળ ને મીઠાઈ મૂક્યાં ને મા પાસે આવ્યા. માના મુખમાં મીઠાઈનો ટૂકડો મૂકવા હાથ લંબાવ્યો. પણ માના મુખમાં મૂકે તે પહેલાં તો માએ જ સ્વામીજીના મુખમાં મીઠાઈ મૂકી દીધી. પછી જ સ્વામીજી માના મુખમાં મીઠાઈ મૂકી શક્યા. પરમતત્ત્વ જેમના અસ્તિત્વમાંથી પ્રગટ થઈ રહ્યું હતું એવાં મા અને સ્વામીજી બંને આ રીતે નાનાં બાળકની જેમ એકબીજાને ખવડાવવા લાગ્યાં ને એ સમયે ત્યાં પરમ પ્રેમનું અલૌકિક વાતાવરણ સર્જાઈ રહ્યું. ભક્તજનો પણ આ મંગલમય દૃશ્ય જોવામાં એવા એકાકાર થઈ ગયા કે ખાવાનું જ ભુલી ગયા !

એ પછી માએ કહ્યું ''બાબા, દીકરીને ખૂબ ખવડાવ્યું. હવે વિદાય આપો.'' સ્વામીજી તો માનો પ્રેમ ને સરળ વ્યવહાર જોઈ ગળગળા બની ગયા : 'બસ, જવું છે ! ભલે, પણ બેટી, આ વૃદ્ધ પિતાને ન ભૂલીશ.'

પછી સ્વામીજીને પ્રણામ કરી મા મોટરમાં બેઠાં ત્યારે સહુનાં હૃદય પ્રેમ અને આનંદમાં મગ્ન હતાં.





## માના અનુભવોની મીમાંસા

માના જીવનમાં આધ્યાત્મિક અનુભવો સીધેસીધા ઊતરી આવ્યા હતા. નામજપ કરતાં કરતાં જ સમગ્ર વિશ્વ નામરૂપ બની ગયું હતું. સર્વમાં વિલસી રહેલા એ પરમતત્ત્વને, એ એકમેવને જ જોવા લાગ્યાં હતાં. જેને જાણવાથી સર્વ કંઈ જાણી શકાય છે એ સ્થિતિ માએ પ્રાપ્ત કરી લીધી હતી. પણ તેમને થયેલા બધા આધ્યાત્મિક અનુભવો ને જ્ઞાન વિશે શાસ્ત્રોમાં કંઈ લખ્યું છે કે કેમ તેની ખબર નહોતી; કેમ કે, તેમને નહોતા કોઈ માર્ગદર્શક ગુરુ કે નહોતું કોઈ શાસ્ત્રગ્રંથોનું માર્ગદર્શક જ્ઞાન. એમની પાસે તો સીધા આધ્યાત્મિક અનુભવો હતા. સમીપ રહેલા ભક્તોને પણ કંઈ અગમનિગમનું - શાસ્ત્રોનું ગૂઢ જ્ઞાન નહોતું કે તેઓ માની સ્થિતિને શાસ્ત્રોક્ત રીતે સમજાવી શકે. એ તો પંડિત ગોપીનાથજી આવ્યા અને તેમણે માની અનુભૂતિઓની શાસ્ત્રોક્ત સમજ આપી ત્યારે જ સર્વને એની સાચી સમજ મળી.

પંડિતજી તો સર્વશાસ્ત્રોના સુજ્ઞાતા હતા.

મા પોતાની અનુભૂતિઓની વાત કરીને પૂછતાં :

''બાબા, આ બાબતમાં તમારાં શાસ્ત્રો શું કહે છે ?''

ત્યારે પંડિતજી શાસ્ત્રોનું પ્રમાણ આપીને માની અનુભૂતિઓ કયા પ્રકારની છે તે વર્ણવતા. આ રીતે માએ પોતાની દીક્ષા બાબતમાં, ભોળાનાથની દીક્ષા બાબતમાં, સંસ્કૃત મંત્રોચ્ચાર બાબતમાં, માની સ્વયંભૂ સાધના બાબતમાં ગોપીનાથને પૂછ્યું હતું. શાસ્ત્ર મુજબની માની સાધના હતી.

એ વિશે પ્રમાણ આપીને ગોપીનાથજીએ શાસ્ત્ર મુજબની માની સ્વયંદીક્ષા બાબતમાં કહ્યું હતું : ''હા મા, આપે કહ્યું બરાબર તેવું જ નિરૂપણ શાસ્ત્રોમાં છે.''

એ પછી માએ પણ પૂછ્યું :

''ત્યારે મારા મુખમાંથી મંત્ર વગેરે પ્રગટ થયાં હતાં. પિતાજી, તમે લોકો મંત્રદ્રષ્ટા ઋષિઓની ઘણી વાર વાત કરો છો, મારો આ અનુભવ તેના જેવો છે ?''

''મા, શાસ્ત્રોમાં મંત્રદ્રષ્ટા ઋષિઓનો જે પરિચય અપાયો છે એવો જ આપનો અનુભવ છે.'' આમ પંડિતજી પાસેથી મા પોતાની સ્વયંભૂ સાધનાની શાસ્ત્રોક્ત